©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, OCTOBER 16, 2025 / ASVINA 24, 1947** **[No. 42**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3581-3654	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	83
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	42	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1547-1581

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૮૦/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તા.૦૬/૦૧/૨૦૧૦ ના આદેશ ક્રમાંક: (૧) રાચપ/ ચટણ/ સીઓસી/ સ્થા. સ્વ.૧૩૮(૨)૧૨૨૦૦૯-ક તથા (૩) રાજય ચૂંટણી પંચના તા.૧૯/૦૩/૨૦૦૮ ના પત્ર ક્રમાંક: ચટણ/ અચર/૩(૪)/ ૨૨૦૦૮-ક તથા તેની સાથેના ભારતના ચૂંટણી પંચના તા.૦૮/૦૩/૨૦૦૭ ના પત્રથી સુચના મુજબ ખાનગી મિલ્કતોને ચુંટણી પ્રચારના સાહિત્યથી વિકૃત થતી અટકાવવા જરૂરી છે. જેથી ખાનગી મિલ્કતના માલિક, કબજો ધરાવનારની સ્વૈચ્છિક લેખિત પરવાનગી વગર ઉપયોગમાં લેવા હેઠળ પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

આથી, હું જી. એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પરવાનગી મેળવી અલ્પકાલિન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધન સામગ્રી જેવી કે ધ્વજ, બેનર્સ વગેરે ખાનગી મકાનો, મિલકતો પર મુકવા માટે જે તે મકાન/મિલકતના માલિકની અગાઉથી સ્વેચ્છાએ આપેલ પરવાનગી મેળવેલી હોવી જોઈએ અને તે પરવાનગી કોઈ દબાણ અથવા ધમકીથી અથવા બળજબરીથી લીધેલ હોવી જોઈએ નહી. આવા બેનર્સ અથવા ધ્વજ બીજાઓ માટે ઉપદ્રવરૂપ ન બનવા જોઈએ. મતલબ કે રાહદારીઓ વાહન-ચાલકો વગેરે અકસ્માતનો ભોગ ન બને તેવી જગ્યાએ જ પ્રદર્શિત કરાવી શકાશે. આ સંબંધે લેખિતમાં મેળવેલી સ્વૈચ્છિક પરવાનગીની ફોટો કોપી આ સાથેના નિયત નમુના (પરિશિષ્ટ-૨) માં ત્રણ દિવસની અંદર સંબંધકર્તા ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીને રજુ કરશે. આવી બાબતમાં પત્રકમાં આ હેતુ માટે કરેલ અથવા કરવાના થતા ખર્ચ સાથે જેની પાસેથી પરવાનગી મેળવી હોય તે મિલ્કતના માલિકનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે દર્શાવવુ. આવા લખાણ/ નિદર્શનમાં કંઈપણ ઉશ્કેરણીજનક અથવા કોમો વચ્ચે ઉશ્કેરણી થાય તેવું કોઈપણ હોય તો તે માન્ય રાખવામાં આવશે નહી અને આવા વાંધાજનક લખાણ/ નિદર્શન સંબંધકર્તા ઉમેદવારના ખર્ચે દુર કરવાની કાર્યવાહીને પાત્ર થશે.

(૨) દિવાલ પર લખાણ કરી શકાશે નહી, પોસ્ટર ચોંટાડી શકાશે નહી અને આના જેવા જ અન્ય કાયમી/ હંગામી નુકશાન જે સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવું કરી શકાશે નહી.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૧/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનુ થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ હાથ ધરાનાર છે. ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૦૯/૦૨/૨૦૦૭ ની સૂચનાપત્ર ક્રમાંક-૪૬૪/ આઈએનએસટી-૨૦૦૭/પીએલએન-૧ થી ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવા આવતાં તેઓની સાથે આવતાં વાહનોના કાફલા તેમજ ટોળાના કારણે ચૂંટણી અધિકારીઓને કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મુશ્કેલી પડતી હોઈ જેના નિયંત્રણ માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે વાહનો લઈને આવતા ઉમેદવાર સાથે ઉમેદાવારી ફોર્મ ભરવા આવનાર પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

આથી, હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ઉમેદવાર અને તેઓના ટેકેદારો ત્રણ થી વધુ વાહનોનો ઉપયોગ કોન્વોયમાં કરી શકશે નહિ.

(૨) ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની ૧૦૦ મીટર ની ત્રીજ્યામાં કોઈપણ વાહન લઈ જઈ શકાશે નહિ તેમજ ઉમેદવાર સહિત ટેકેદારો પાંચ થી વધારેની સંખ્યામાં ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીના કક્ષમાં પ્રવેશ કરી શકશે નહિ.આ બાબતે વાહન અંગેનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં પાડવામાં આવશે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૦૯/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસ) સુધી અમલમાં રહેશે.

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૩/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધો ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુકત ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવું જરૂરી જણાય છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર નીચે જણાવ્યા મુજબના પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈ પણ મતદાન મથક થી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતા દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧ (એક) કેમ્પ જેમાં ટેબલ અને બે ખુરશી અને છાયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહીં.

(૩) આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

(૪) ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર,વાવટા,પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં.કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિં.

(૫) આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

(૬) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિં.

(૭) કોઈપણ વ્યક્તિ મતદાન મથક/કેંદ્ર (POLLING STATION)ની અંદર સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ અને અનઅધિકૃત વસ્તુ કે ગેરકાયદેસર વસ્તુ લઈ પ્રવેશ કરી શકશે નહિં.

આ હુકમમાં નીચે મુજબનો અપવાદો છે.

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી સીક્યુરીટીના માણસો,ચુંટણી પંચ દ્વારા નિયુકત ઓબ્જર્વર્શ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ તારીખ તા.૨૨/૦૬/૨૦૨૫ ના સવારના કલાક ૦૬/૦૦ થી મતદાન પૂર્ણ ના થાય સુધી લાગું પડશે.

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૮/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના પત્ર કમાંક: ચટણ/ અચર/ ૩(૪)/ ૩૨૦૦૮૬ વર્ષ-૨૦૦૮ તથા ભારતના ચૂંટણી પંચના તા.૨૩/૧૧/૨૦૦૭ ના પત્ર ક્રમાંક: ૪૩૭/૬/૨૦૦૬/ પીએલએન-III થી સરકારી વાહનોના ઉપયોગ સંબધે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ત્રણથી વધુ કાર/ વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું;

(૧) ચૂંટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈ

પણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

અપવાદ

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જ અપવાદ રૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

વિસ્તાર

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૨/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ ની જોગવાઈ મુજબ રાજકીય પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગેની જોગવાઈ કરી અને સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત વિસ્તારમાં નીચેની બાબતો અંગે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચારનો સમયગાળો પૂરો થયા બાદ મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઇ શકે નહિ તે હકિકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓને ચૂંટણી પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ મતદાર વિભાગમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) ચૂંટણીના પ્રચાર માટે આવેલ રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરેને મતદાન પૂરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથીગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહિ.

(૩) આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હેઠળ શિક્ષાને પાત્ર થશે.તેમજ ઉપર જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઈઓનું રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણીપ્રચારકો વિગેરેએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉકત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૮૨/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. જેથી ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગેના પ્રકાશનો, પોસ્ટરોના છાપકામ સંબધમાં મુદ્રક તથા પ્રકાશકે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(એ) ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી પંચના તા. ૨૫/૦૪/૧૯૯૫ ના આદેશ ક્રમાંક: ૬: ઈએલઈસી-સીઓસી:- રીસ્ટ્રીકશન ઓન પ્રીન્ટીંગનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતાં પોસ્ટરો, પેમ્પલેટ કે, પ્રકાશનો વિગેરેમાં પોતાનુ નામ-સરનામુ મુદ્રકનુ અને પ્રકાશકનુ નામ તેમજ પ્રત સંખ્યા સ્પષ્ટ રીતે મુખપૃષ્ઠ ન હોય તો છાપકામ કે પ્રકાશન કરી શકશે નહી.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણી સાહીત્યનું પ્રકાશન કરી શકશે નહી.

અપવાદ

(અ) ચૂંટણીને લગતા પોસ્ટરો, પેમ્ફલેટ કે પ્રકાશનો છાપવાં માટે નિયત કરેલ ફોર્મમાં બે નકલમાં અંગત રીતે ઓળખતા હોય તેવા બે સાક્ષીઓની સહી સાથે છપાવનાર ડેકલેરેશન મુદ્રકનુ આપેલ હોય અને

(બ) ત્રણ દિવસના સમયની અંદરજ આવી ડેકલેરેશનની નકલો તથા છાપવાના સાહીત્યની ચાર નકલો બીલની નકલ સાથે જે જગ્યાએ છાપકામ કરેલ હોય તે જીલ્લાના જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલવાની રહેશે.

(૩) રાજય ચૂંટણી પંચના તા.૨૫/૦૪/૧૯૯૫ ના હુકમથી સ્પષ્ટતા કર્યા મુજબ.

(એ) કોઈપણ દસ્તાવેજની એક થી વધુ નકલો છાપવામાં કે લીથો, પ્રિન્ટર, યાંત્રીક કે વિજાણું સાધનો કે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને કાઢવામાં કે હાથથી નકલો કરવામાં આવે તે તમામને છાપકામમાં ગણવામાં આવશે અને

(બી) ચૂંટણીને લગતા પેમ્ફલેટ, પોસ્ટરો, કે પ્રકાશનો એટલે કે, કોઈપણ ઉમેદવાર કે ઉમેદવારોની પાર્ટી અથવા ગમે તે પ્લેકાર્ડ અથવા પોસ્ટરો કે ચૂંટણીની સંલગ્ન બાબતોનો ઉલ્લેખ થતો હોય જેને વહેંચવાથી આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા લખાણો જેમાં ચૂંટણીની તારીખ, સમય અને ચુંટણીને લગતા એજન્ટ, કાર્યકરને લગતી સુચનાઓનો સમાવેશ થાય છે.

ઉપર જણાવ્યા મુજબ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(એ) જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કોઈપણ વ્યકિત ઉમેદવાર, પાર્ટી એજન્ટ કાર્યકર કે પ્રિન્ટીંગ પ્રેસના માલિક, મુદ્રકે કરવાનું રહેશે. આ જોગવાઈઓનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન બુકસ એકટ-૧૮૬૭ ની કલમ-૮(બી) તળે ડીકલેરેશન રદ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ (સમગ્ર ચૂંટણી પ્રકિયા પૂર્ણ ન થાય ત્યાં) સુધી અમલમાં રહેશે.

શિક્ષા:

આ હુકમનો ભંગ/ઉલ્લધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪ /૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૪/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૩(૫)ની જોગવાઈ તથા ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪ અન્વયે મળેલ સત્તા મુજબ ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૩-૧૧-૦૭ના પત્ર ક્રમાંક ૪૩૭/ ૬/ ૨૦૦૭/ પીએલએમ-૩ થી વાહનોના ઉપયોગ/દુરૂપયોગ ઉપર નિયંત્રણ બાબતે તેમજ ભ્રષ્ટ આચરણ (CORRUPT PRACTICES) અંગે જોગવાઈ કરી અને સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ચૂંટણી પ્રચાર માટે વાહનોના દુરૂપયોગ અટકાવવા માટે તથા મુક્ત અને ન્યાયી વાતાવરામાં ચૂંટણી થાય તે માટે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત ચુટણી અધિકારી શ્રી અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય ચુટણીના કામે વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૨) ચૂંટણીના પ્રચારના કામે વાહન અંગે ચૂંટણી અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય વાહનનો ઉપયોગ કરી શકશે નહિ. તેમજ આ અંગે મેળવેલ અસલ પરમીટ સહેલાઈથી જોઈ શકાય તે રીતે વાહનના વિન્ડસ્ક્રીન ઉપર યોગ્ય માપમાં પરવાનગી મેળવનારે ચોંટાડવાની રહેશે.

(૩) મતદાનના દિવસે ઉમેદવાર કે તેના એજન્ટ કે કોઈપણ વ્યક્તિએ પોતાના કે ભાડેથી કે અન્ય રીતે મેળવેલ વાહનમાં મતદારોને મતદાન મથક સુધી લઈ જઈ શકશે નહિ, અન્યથા આ પ્રક્રિયા ભ્રષ્ટઆચરણ (CORRUPT PRACTICES) ગણાશે.

(૪) મતદાનના દિવસે ઉમેદવારે કે તેના એજન્ટ કે પક્ષના કાર્યકરો દ્વારા નિયમ અનુસાર પરવાનગી મેળવેલ વાહનમાં ડ્રાઈવર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓથી વધુ વ્યક્તિઓ વહન કરી શકશે નહિ.

(૫) 'વાહનોનો અર્થ' પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતા કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

આ હુકમનો અમલ તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ ઉપર જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૩(૫) ની જોગવાઈઓનું ઉમેદવાર તેના એજન્ટ કે કાર્યકર/કાર્યકરોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

:- જાહેરનામું :-

ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ.

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/ ૭૫/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. જે અન્વયે અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારના હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તારના મતદારો આદર્શ લોકશાહી પ્રણાલીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે, પિરસવાનું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચુંટણીઓ-૨૦૨૫ ની યોજાનાર છે જેમાં દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના તા.૨૧/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) તેમજ તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ એટલે કે મતગણતરીના દિવસે સવારના કલાક ૦૬/૦૦ થી રાત કલાક ૨૪/૦૦ સુધી દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા દુકાન/રેસ્ટોરંન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ બંધ રાખવા.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૭/૨૦૨૫.-**ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક.૪૬૪/ એલએન્ડઓ/ પીએલએન-૧ તા.૧૩/૦૩/૯૬ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતઓને શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા દેવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.**

ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે,

વિસ્તાર:

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

:અપવાદ:

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) ઈન્ડીયન નેશનલ રાયફલ એસોસિએશન સભ્યો.

(૩) માન્યતા ધરાવતી સિક્યુરિટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીય, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એટીએમ તથા કરન્સી ચેસ્ટની લેવદ-દેવડ કરતા હોય તેવા હથીયારધારી સિક્યુરિટી ગાર્ડને તેમના હથીયાર જમાં કરાવવામાં મુક્તી આપવામાં આવે છે. આવા સિક્યુરિટી ગાર્ડે તેઓ જે બેંકમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબધીત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓએના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

આ હુકમ તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/૫૨મીટ/૭૬/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. ભારતના ચુંટણી આયોગના આદેશ ક્રમાંક ૪૬૪/ આઈએનસીટી/ C૭ પી.એલ.એન.-૧/૪૮૩/૫૧૭/સી.ઈ.ઓ. તા.૦૮/૦૧/૨૦૦૭ ના પેરા નં.૨ માં આવેલ સુચના અનુસાર, મતદાન પુરુ થવા માટે નિયત સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચુંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચુંટણી પ્રચાર માટે

એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમયગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચુંટણી પ્રચાર થઈ શકે નહિ એ હકિકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિસ્તારના મતદારો ન હોય તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચુંટણી ન્યાયી અને મુક્ત રીતે થવા ઉપર અસર પડે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

મતદાન પુર્ણ કરવા માટે નક્કી કરેલ સમય એટલે કે તા.૨૨/૦૬/૨૦૨૫ ના સાંજ કલાક ૧૮/૦૦ થી અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન ચુંટણી પ્રચાર સંબધી કોઈ જાહેર સભા બોલાવી શકાશે નહી,ભરી શકાશે નહી અથવા તેમાં હાજર રહી શકશે નહી.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ સુધી એટલે કે,(મતદાન પુરુ થયાના નિયત સમયના અગાઉના ૪૮ કલાક) ની મુદત માટે અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-: વિસ્તાર:-

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે લાગુ પડશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/પરમીટ/૭૯/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજય ચૂંટણી પંચના તા-૦૭/૦૧/૨૦૧૦ ના આદેશ ક્રમાંક: રાચપ/ ચટણ/ સીઓસી/ સ્થા.સ્વ/ ૧૩૮(૧)/૧૨૨૦૦૯/ક થી જણાવ્યા મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકિય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણીપ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરોનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણીપ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના કલાક ૧૦:૦૦ સુધી જ થઈ શકશે.

(૨) ચૂંટણીપ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણીપ્રચાર દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સબંધિત ચૂંટણીઅધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શીક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે કાઢેલ હુકમ.

નંબર: વિ.શા/ જાહેરનામું/ ગ્રા.પં.સા.ચું./એ-સે/પરમીટ/૮૧/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ, દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટા ચુંટણીઓ-૨૦૨૫ નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ અમદાવાદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીનુ મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજય ચૂંટણી પંચના તા.૧૯/૦૩/૨૦૦૮ ના પત્ર કમાંક: ચટણ/ અચર-૩(૪)/ ૨૨૦૦૮-ક અને ભારતના ચૂંટણી પંચના તા.૦૮/૦૩/૨૦૦૭ ના પત્ર નં.૦૩/૦૭/૨૦૦૭/ જેએસ-૨ તથા રાજય ચૂંટણી પંચના તા.૦૬/૦૧/૨૦૧૦ ના પત્ર નં.રાચપ/ ચટણ/ સીઓસી/ સ્થા.સ્વ./ ૧૩૮ (૧)/ ૧૨૨૦૦૯ /ક ના ફકરા નં.૮ માં શુ કરવુ ? તે શીર્ષક હેઠળ જણાવેલ સુચનાઓ પ્રમાણે અમલ કરવાનો થાય છે. ચૂંટણી પ્રચાર માટે જાહેર મિલ્કતોના બગાડ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ મિલ્કતોને વિકૃત થતી અટકાવવા સુચનાઓ આપેલ છે. જેથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી, હું જી.એસ. મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓમાં સમાવિષ્ટ હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત કોઈપણ સરકારી મકાન (સિવીલ મકાન સહિત) દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકશે નહી. અથવા પોસ્ટર/ કાગળો ચોંટાડી કે કોઈપણ રીતે બગાડી શકશે નહી અથવા જાહેરાતના પુંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી/નિદર્શન કરી શકશે નહી.

(૨) આ હેતુ માટે સરકારી મકાન/ જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેના પ્રાંગણ જેમાં કચેરી મકાન આવેલ હોય તે તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ રેલવે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલવે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેકટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલ્કતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલ્કતો , રાજય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી./ એ.એમ.ટી. એસ / બી.આર.ટી.એસ.બસ સ્ટોપ અને વાહનોનો સમાવેશ થશે.

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર વિસ્તાર ના પત્ર ક્રમાંક: જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/૧૮૩૫-૩૬ તા.૨૯/૦૫/૨૦૨૫ તથા

(૨) જિલ્લા ચીફ કો-ઓડીનેટર અને નિવાસી અધિક કલેકટરશ્રી અમદાવાદ શહેર ની કચેરીના પત્ર ક્રમાંક : નં. એકઝામ સેલ/GSSSB/ વર્ગ-૩/પરીક્ષા/જાહેરનામું/વશી.૪૮૮/૨૦૨૫ તા.૦૩/૦૬/૨૦૨૫ અન્વયે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૭૦/૨૦૨૫.-ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા વર્ગ -૩ (ગ્રુપ-A અને ગ્રુપ-B) સંવર્ગની સીધી ભરતીના સંબંધમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક-૨૧૨/૨૦૨૩૨૪ પૈકી ગ્રુપ-B ની મુખ્ય પરીક્ષા તા.૦૮/૦૬/૨૦૨૫ રોજ કલાક ૧૫/૦૦ થી કલાક ૧૭/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા-૫૩ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૦૮/૦૬/૨૦૨૫ ના કલાક ૧૩/૦૦ થી કલાક ૧૯/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર વિસ્તાર ના પત્ર ક્રમાંક: જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/-૧૯૮૧-૧૯૮૨ તા.૦૫/૦૬/૨૦૨૫ તથા આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/લો.ર.પરીક્ષા/૮૪/૨૦૨૫.-ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા પોલીસ દળ માં લોકરક્ષક કેડર વર્ગ-૩ ની ભરતી ની લેખિત પરીક્ષા તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૯/૩૦ થી કલાક ૧૨/૩૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદાકુલ ૧૩૯ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૧૫/૦૬/૨૦૨૫ ના સવાર કલાક ૭/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭/આર.બી/૪૪૭૨/૨૦૨૫ તા.૦૭/૦૬/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/૩૦૮૦/૨૦૨૫ તા.૦૮/૦૬/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૮૩/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૧/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૫/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) નાયબ કો-ઓર્ડીનેટર(વહીવટ) અને નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/GPSC / પરીક્ષા/જાહેરનામું/વશી.૪૫૨/૨૦૨૫ તા.૨૩/૦૫/૨૦૨૫ આધારે.

(૨) સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક સીસીઈ-૨૭૮૩-૨૦૨૫-૨-ઈએકસ-૧ આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૬૬/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા તા.૦૧/૦૬/૨૫ નારોજ મદદનીશ વન સંરક્ષક, વર્ગ -૨ અને પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨(જાહેરાત ક્રમાક: ૧૩૫/૨૦૨૪-૨૫) માટેની પ્રિલિમિનરી પરીક્ષા અમદાવાદ શહેરના કુલ-૫૪ પેટા પરીક્ષા કેન્દ્રો ખાતે તા.૦૧/૦૬/૨૦૨૫ રોજ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૩/૦૦ દરમ્યાન પ્રશ્નપત્ર-૧ જનરલ સ્ટડીઝ-૧ તેમજ કલાક ૧૫/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાન યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૦૧/૦૬/૨૦૨૫ ના સવાર કલાક ૦૮/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૧૭૫૧/૨૦૨૫ તા.૨૨/૦૫/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૨૯૬૫/૨૦૨૫ તા.૨૩/૦૫/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૬૭/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૨૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઇપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :-

અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા. વ્ય.) વિભાગ ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય.-૨/ડઉવ-૨૭/૩૨૭/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/પરમીટ/ નો ડ્રોન ફલાય એરિયા /૬૮/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોના (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ઉડાવવા ઉપર કે તેના સંચાલન ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે દેશની આંતરિક સુરક્ષા અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારને "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન (DRONE), UAV, ક્વાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ઉડાવવાની મનાઈ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અમલવારીનો સમયગાળો :-

આ હુકમ તા.૦૧/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૪/૦૬/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-: જાહેરનામુ :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:વિ.શા./ એ સેકશન/બકરી ઈદ જાહેરનામું/૬૯/૨૦૨૫.-આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ મુસ્લિમ ધર્મનો ''બકરી ઈદ'' (ઈદ-ઉલ-અઝા) નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/ સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે.આવી પરિસ્થિતીને ધ્યાને લેતાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા. ૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨૧૦૮૦/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/ ૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ, અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ,અમદાવાદ પોલીસ કમિશનર વિસ્તારમાં તા.૦૩/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૨/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ ફરમાવુ છું:

(૧) કોઈપણ વ્યક્તિએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહી, તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

(૨) 'બકરી ઈદ' તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી.

-: વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા ખાસ પોલીસ કમિશનરશ્રી,સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ.સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ ૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક: ક.૨/મહેકમ- ૧/હદ વિસ્તાર/૪૩૫ / ૨૦૨૫.-ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા-૦૩/૦૫/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક:-પસથ/૧૦૨૦૦૩/૪૧૮/સ થી અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર જીલ્લાના પોલીસ હકુમતના વિસ્તારમાં વહીવટી અનુકુળતા તથા સામાન્ય જનતાની સુગમતા માટે અમદાવાદ ગ્રામ તથા ગાંધીનગર જીલ્લાના પોલીસ હકુમતના વિસ્તારોને પોલીસ કમિશનરેટ અમદાવાદ શહેરમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવે છે.ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૧૨ થી મળેલ સત્તાની રૂએ હું જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આથી નીચે જણાવેલ અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનની હાલમાં જે હદ છે તે ઉપરાંતનો હદ વિસ્તાર તારીખ: ૦૧/૦૬/૨૦૨૫ ના રોજ કલાક: ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

અ.નં	સેક્ટર	ઝોન	પોલીસ સ્ટેશન	પોલીસ ચોકી	વિસ્તાર	રિમાર્ક્સ
૧	સેક્ટર-૨	ઝોન-૪	નરોડા	GIDC ચોકી	રીંગરોડ પર આવેલ રણાસણ રેલ્વે ફાટકથી રણાસણ સર્કલ સહિત (નાના ચિલોડા સર્કલ), સાબરમતી નદી પરના બ્રીજના મધ્યભાગ સુધીનો રીંગ રોડ તથા બંન્ને બાજુનો સર્વિસરોડ તેમજ નરોડા તરફથી મોટા ચિલોડા તરફ જતા રણાસણ સર્કલ (નાના ચિલોડા સર્કલ) પર આવેલ ઓવરબ્રીજનો રીંગરોડના ઉત્તર તરફના સર્વિસ રોડના ઉપરના ભાગ સુધીનો ઓવરબ્રીજ તથા રીંગરોડને અડીને આવેલ રણાસણ ગ્રામ પંચાયતના સર્વે નં-19, 20, 21, 22, 23, 24, 25, 26, 27, 28, 29, 124, 125, 126, 127, 128, 129, 130, 131 સર્વે નંબરો તથા વલાદ ગ્રામ પંચાયતના સર્વે નં-290, 291, 292, 315, 316, 317, 318, 319, 320, 346, 347, 348, 349, 350 સર્વે નંબરોનો સમાવેશ કરવામાં આવેલ છે.	આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના ડભોડા પો.સ્ટેમાંથી કમી થયેલ છે.
૨	સેક્ટર-૨	ઝોન-૪	એરપોર્ટ	હાંસોલ	સાબરમતી નદી પર આવેલ બ્રીજ રીંગરોડના મધ્ય ભાગથી ભાટ ટોલનાકા, એપોલો સર્કલ સહિતનો રીંગ રોડ, બંન્ને સર્વિસરોડ, એપોલો સર્કલથી ઈન્દીરાબ્રીજ ના મધ્ય ભાગ સુધીનો રોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ તેમજ ઈન્દીરાબ્રીજથી એપોલો સર્કલ થઈ ભાટ ટોલનાકા, સાબરમતી નદીના પટ સુધી સાબરમતી નદી તરફના તમામ વિસ્તારનો સમાવેશ કરેલ છે.	આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજપો. સ્ટે.માં થી કમી થયેલ છે.
૩	સેક્ટર-૧	ઝોન-૨	ચાંદખેડા	મોટેરા	એપોલો સર્કલથી તપોવન સર્કલ સહિતનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ તથા એપોલો સર્કલથી ઈન્દીરા બ્રીજ તરફ જતા જમણી બાજુનો સર્વિસ રોડ છોડીને કોટેશ્વર ગામતળ તથા સીમ સર્વે નંબર સહિતના તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૪				ચાંદખેડા	તપોવન સર્કલથી ઝુંડાલ સર્કલ, ત્રાગડ અંડરબ્રીજના મધ્યભાગ સુધીનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૫				ગોદરેજ	ત્રાગડ અંડરબ્રીજના મધ્યભાગથી વૈષ્ણોદેવી અંડરબ્રીજના મધ્ય ભાગ સુધીનો રીંગ રોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ તેમજ રીંગરોડથી અંદર અમદાવાદ શહેર તરફ આવેલ ખોરજ ગામની સીમ સર્વે નંબરવાળા વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે.

૬	સેક્ટર-૧	ઝોન-૧	સોલા	ગોતા ચોકી	વૈષ્ણોદેવી સર્કલ તથા વૈષ્ણોદેવી અંડરબ્રીજના મધ્ય ભાગથી ભાડજ સર્કલ તરફ જતા સરદાર ધામ સુધીનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ, ગોતા બ્રીજ તરફથી ગાંધીનગર તરફ જતા વૈષ્ણોદેવી સર્કલ પર આવેલ ઓવરબ્રીજનો રીંગરોડના ઉત્તર (ગાંધીનગર) તરફના સર્વિસ રોડના ઉપરના ભાગ સુધીનો ઓવરબ્રીજનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૭	સેક્ટર-૧	ઝોન-૧	સોલા	ગોતા ચોકી	વૈષ્ણોદેવી સર્કલ થી એસ.જી.વી.પી. હોસ્પિટલ તરફ જતા જમણી બાજુ આવેલ કે.ડી. હોસ્પિટલ, સર્વિસ રોડ સહિતના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના બોપલ પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૮		ઝોન-૭	બોડકદેવ	હેબતપુર ચોકી	રીંગરોડ પર આવેલ હેબતપુર કટથી શીલજ બ્રીજ મધ્ય ભાગ સુધીનો રીંગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ, હેબતપુર કટથી શીલજ સર્કલ થઇ શીલજ બ્રીજ નીચે આવેલ રેલ્વે ટ્રેક સુધીનો અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના બોપલ પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૯			સરખેજ	સરખેજ	સનાથલ ટોલ ટેક્ષથી સનાથલ સર્કલ સહિતના રીગરોડ તથા બંન્ને બાજુના સર્વિસ રોડ સહિત સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૧૦				ફતેહવાડી	બાકરોલ સર્કલ તથા બાકરોલ સર્કલથી બાકરોલ ટોલટેક્ષ, સાબરમતી નદી પરના બ્રીજના પશ્ચિમ છેડા સુધીનો રીંગરોડ, બંન્ને બાજુના સર્વિસ રોડ તેમજ રીંગ રોડથી અમદાવાદ શહેર તરફનો (રીંગરોડ અંદરનો) નદીના પશ્ચિમ કાઠા સુધીના તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના અસલાલી પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૧૧	સેક્ટર-૨	ઝોન-૬	નારોલ	પીપળજ	સાબરમતી નદીના પશ્ચિમ કાંઠાથી શરૂ કરી નદી પર આવેલ રીંગ રોડ બ્રીજના પશ્ચિમ છેડેથી કમોડ સર્કલ, અસલાલી સર્કલ સુધીનો રીંગ રોડ તથા બંન્ને બાજુનો સર્વિસ રોડ તેમજ અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના અસલાલી પો.સ્ટે. માંથી કમી થયેલ છે.
૧૨	સેક્ટર-૨	ઝોન-૬	નારોલ	કર્ણાવતી	અસલાલી સર્કલ તથા અસલાલી સર્કલથી ભુતીયા કેનાલ સુધીનો રીંગ રોડ, તથા બંન્ને બાજુનો સર્વિસ રોડ તેમજ અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે	આ વિસ્તાર અમદાવાદ ગ્રામ્યના અસલાલી પો.સ્ટે.માંથી કમી થયેલ છે.

૧૩			GIDC વટવા	રામોલ	રોપડા બ્રીજથી એક્સપ્રેસ હાઈવે તરફ જતા રીંગરોડ પર આવેલ પ્લેટીનીયમ ફ્લેટ સામે | ગરનાળાથી હાથીજણ સર્કલ થઈ એક્સપ્રેસ હાઈવે સુધીનો રીંગ રોડ તથા બંને તરફનો સર્વિસ રોડ તેમજ એક્સપ્રેસ હાઈવે પર આવેલ ઓવર બ્રીજનો એક્સપ્રેસ હાઈવે સુધીનો બ્રીજનો ભાગ તથા બ્રીજ નીચેના એક્સપ્રેસ હાઈવે સુધીનો વિસ્તાર તેમજ રીંગ રોડથી અમદાવાદ શહેર તરફના (રીંગરોડ અંદરના) તમામ વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.	અમદાવાદ ગ્રામ્યના આ વિસ્તાર વિવેકાનંદનગર પો.સ્ટે માંથી કમી થયેલ છે.

આજ રોજ તા.૨૯/૦૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩/૫/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૦૩/૪૧૮/સ તથા

૨. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર નાઓના તા.૩૦/૫/૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક:ક.૨/મહેકમ-૧/હદ વિસ્તાર/૪૩૫/૨૦૨૫ તથા

૩. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર નાઓના તા.૩/૮/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક : ક.૨/ટ્રાફિક પો.સ્ટે./૯૯૫/૨૦૧૫ તથા

૪. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર નાઓના તા.૨૭/૨/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંક : ક.૨/ટ્રાફિક પો.સ્ટે./૩૦૧/૨૦૧૮ અન્વયે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ક.૨/ટ્રાફિક પો.સ્ટે./૪૩૬/૨૦૨૫.-ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩/૫/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૦૩/૪૧૮/સ થી અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર જિલ્લાના પોલીસ હકૂમતના વિસ્તારમાં વહીવટી અનુકૂળતા તથા સામાન્ય જનતાની સુગમતા માટે અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર જિલ્લાના પોલીસ હકૂમતના વિસ્તારોને પોલીસ કમિશનરેટ અમદાવાદ શહેરમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવેલ છે. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૧૨ થી મને મળેલ અધિકારની રૂએ હું, જી.એસ.મલિક,IPS,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી નીચે જણાવેલ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હાલમાં જે હદ છે તે ઉપરાંતનો હદ વિસ્તાર તા.૬/૬/૨૦૨૫ ના રોજ કલાક ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

(૧) એ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એ-ડીવીજનના વસ્ત્રાપુર,સોલા,ઘાટલોડીયા પોલીસ સ્ટેશનની હદનો વિસ્તાર તેમજ એસ.જી.હાઈવે તથા તેની બન્ને તરફના ૧૦૦-મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

(૨) બી-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના બી-ડીવીજનના નારણપુરા, નવરંગપુરા, ગુજરાત યુનિવર્સીટી,વાડજ પોલીસ સ્ટેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ (ઈસ્ટ) પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૩) ઈ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના સી-ડીવીજનના કારંજ, શાહપુર પોલીસ સ્ટેશન (જુનુ 'સી' ટ્રાફિક પોલીસ સ્ટેશન) ડી-ડીવીજનના કાલુપુર, શહેરકોટડા પોલીસ સ્ટેશન (જુનુ 'ડી' ટ્રાફિક પોલીસ સ્ટેશન) તથા ઈ-ડીવીજનના ગાયકવાડ હવેલી,ખાડીયા પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૪) એફ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એફ-ડીવીજનના શાહીબાગ,દરીયાપુર પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૫) જી-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના જી-ડીવીજનના એરપોર્ટ,કૃષ્ણનગર, મેઘાણીનગર, નરોડા,સરદારનગર પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૬) એચ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એચ-ડીવીજનના બાપુનગર,ગોમતીપુર, રખીયાલ પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૭) આઈ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના આઇ-ડીવીજનના અમરાઈવાડી,ખોખરા, નિકોલ,ઓઢવ, રામોલ પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૮) જે-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના જે-ડીવીજનના ઈસનપુર,મણિનગર, વટવા, વટવા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૯) કે-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના કે-ડીવીજનના દાણીલીમડા, કાગડાપીઠ, નારોલ પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૧૦) એલ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એલ-ડીવીજનના ચાંદખેડા, માધવપુરા, રાણીપ,સાબરમતી પોલીસ સ્ટેશનની હદનો સમાવેશ કરવામાં આવે છે.

(૧૧) એમ-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એમ-ડીવીજનના એલિસબ્રિજ,સરખેજ, વાસણા,વેજલપુર પોલીસ સ્ટેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનની હદનો વિસ્તાર તેમજ એસ.જી.હાઈવે તથા તેની બન્ને તરફના ૧૦૦-મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

(૧૨) એન-ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ શહેરના એન-ડીવીજનના બોડકદેવ,આનંદનગર, પાલડી,સેટેલાઈટ પોલીસ સ્ટેશનની હદનો વિસ્તાર તેમજ એસ.જી.હાઈવે તથા તેની બન્ને તરફના ૧૦૦-મીટર સિવાયના વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

(૧૩) એસ.જી.હાઈવે-૧ ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં વૈષ્ણોદેવી સર્કલ સહિતના રીંગ રોડ સુધીના રોડથી લઈ થલતેજ ચાર રસ્તા સુધીના ($23^{0}02'53.9"N$ $72^{0}30'59.1"E$) એસ.જી.હાઈવે તથા તેની બંને બાજુના ૧૦૦ મીટર વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

(૧૪) એસ.જી.હાઈવે-૨ ટ્રાફિક પોલીસ સ્ટેશન:

- આ ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં થલતેજ ચાર રસ્તાની આગળથી લઈ ($23^{0}02'53.9"N$ $72^{0}30'59.1"E$) સનાથલ સર્કલ સહિતના રીંગ રોડ સુધીનો રોડ તથા આ રોડની બન્ને બાજુના ૧૦૦ મીટર વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

આજ રોજ તા.૫/૬/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક,
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક : G/CP/વિ.શા/બકરી ઈદ જાહેરનામું/ ૨૯૭૪ /૨૦૨૫.-આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ નારોજ મુસ્લિમ ધર્મનો બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા) નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે, અથવા મહોલ્લા કે ગલીમાં દેખાય રીતે કોઈપણ પ શુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહ શાંતીનો ભંગ થવાની સંભવ જણાય છે. અને તેમ થતુ અટકાવવાનું જાહેર હીતમાં ઈચ્છનિય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, આઈ.પી.એસ, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કરમાવું છું કે, તા.૦૬/૦૬/૨૦૨૫ ના કલાક:૦૦/૦૦ થી તા.૦૯/૦૬/૨૦૨૫ ના કલાક: ૨૪/૦૦ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

કૃત્યો

(૧) કોઇપણ ઇસમે આ દિવસો દરમ્યાનમાં અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળોએ જયાં બહારથી જોઇ શકાય તે રીતે કોઇપણ પશુની કતલ કરવી નહીં અથવા ઉપરોકત વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં, જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહી

(૨) બકરી ઇદ તહેવાર નિમીતે કુરબાની પછી જાનવરના માંસ, હાંડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહિ.

વિસ્તાર-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે

આ હુકમ અન્વયે પોલીસ કમિશનરેટ, વડોદરા શહેરમાં ફરજ બજાવતા અનામ હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૯/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :જી/સીપી/વિ.શા./ જાહેર ખાનગી દિવાલ /૩૦૧૨/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક થી રાજયની ગ્રામ પંચાયતોને સામન્ય/વિભાજન/મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ વડોદરા જીલ્લાની કુલ-૩૩૧ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. સદરહું ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અન્વયે તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન યોજાનાર છે. અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર છે. સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ગ્રામ પંચાયતની સામાન્ય તેમજ પેટા ચૂંટણી કપુરાઇ, નંદેસરી, જવાહરનગર, છાણી, અટલાદરા, મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગના તા.૨૮/૦૫/૨૦૨૫ ના ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગનાં આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

ચુંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવારો/ રાજકીય પક્ષો પોતાના ચુંટણી પ્રચાર માટે અધિકૃત વ્યકિત કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યકિત કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચુંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શકયતા રહે છે. તેમજ મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે ચૂંટણી પ્રકીયા દરમિયાન સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર (I.P.S.) પોલીસ કમિશનર, વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હદ્દ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

1. કોઈપણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોએ અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો દ્વારા ઉપરોકત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યકિત કે માલીકની પરવાનગી સિવાય ચુંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સુત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચુંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કત હાની, નુકશાન કે બગાડ કરવો નહિ કે કરવા દેવો નહિ.

2. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્ત પણે અમલ કરવો.

3. એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો દ્વારા આયોજીત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી તેમજ એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો તે ટેકેદારો દુર કરી શકાશે નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ/દિશા બતાવવા માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક તથા તેના ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શીત કરેલ અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પુરતો મર્યાદિત રહેશે નહિ.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :-૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૩૧૮૩/૨૦૨૫.–(૧)ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અ.નં	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ.	મો.નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૧૧/૦૬/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૨૫/૦૬/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૩૧૮૪/૨૦૨૫.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૧/૦૬/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૨૫/૦૬/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧) (એફ) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./ ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૩૧૮૫/૨૦૨૫.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:અમલવારીનો સમય:-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૧૧/૦૬/૨૦૨૫ના કલાક:૦૧-૦૦ થી તા.૨૫/૦૬/૨૦૨૫ના કલાક: ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં મંજુરી વગર ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૩૨૨૭ /૨૦૨૫.-વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૧૫/૦૬/૨૦૨૫ ના ક.૦૯/૩૦ થી ક.૧૨/૩૦ દરમ્યાન ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા વડોદરા શહેર વિસ્તારમાં કુલ-૧૧૭ કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલોમાં પરીક્ષા લેવામાં આવનાર છે, તે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરુરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, તા.૦૬/૦૬/૨૦૨૫ ના અધ્યક્ષ અને પોલીસ મહાનિદેશક, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગુ.રા. ગાંધીનગર નાઓના પત્ર (S.O.P) ક્રમાક: GPRB/LRD/લેખિત પરીક્ષા/૪૬૭/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/૬/ફક/ ૧૦૮૮/૬૭૫૦/મ જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસ દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો :-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૧૫/૦૬/૨૦૨૫ રોજ ક.૦૭/૦૦ થી ક.૧૫/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ બ્લુટુથ,કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેકટ્રોનીક ઉપકરણો તેમજ કોઈપણ જાતના વિજાણુયંત્ર લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઇ નહી તે માટે સવારે ક.૦૭/૦૦ થી ક.૧૫/૦૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ લોકરક્ષક કેડરની લેખીત પરીક્ષા કેન્દ્રની શાળાઓ /હાઈસ્કુલની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં આ જાહેરનામું લાગુ પડશે. જે પરીક્ષા કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

લોકરક્ષક કેડર લેખિત પરીક્ષા કેન્દ્રો-૨૦૨૫

ક્રમ	પરીક્ષા કેન્દ્રો નામ	પોલીસ સ્ટેશન
૧	શ્રી સ્વામી વિવેકાનંદ સ્કુલ, પરીવાર ચાર રસ્તા, વાઘોડીયા રોડ, વડોદરા	પાણીગેટ
૨	ઉમીયા વિધ્યાલય, ઉમાનગર, સોમાતળાવ, ડભોઈ રોડ, વડોદરા	કપુરાઈ
૩	હેવન વિધ્યાલય, વૃંદાવન બસ સ્ટોપ સામે, વૃંદાવન ચાર રસ્તા, વાઘોડીયા રોડ	બાપોદ
૪	શ્રી વલ્લભ વિધા મંદિર, વાંઘોડીયા ડભોઈ રીંગ રોડ, વડોદરા	પાણીગેટ
૫	ગુરૂકુળ વિધ્યાલય યુનિટ-૦૧, હરણી વારસીયા રીંગ રોડ, વડોદરા	વારસીયા
૬	ગુરૂકુળ વિધ્યાલય યુનિટ-૦૨, હરણો વારસીયા રીંગ રોડ, વડોદરા	વારસીયા
૭	ક્રિસ્ટલ સ્કુલ, પરીવાર ચાર રસ્તા પાસે, વાઘોડીયા રોડ, વડોદરા	કપુરાઈ
૮	હરીસેવા વિધ્યાલય, એસ.કે.કોલોની, મ્યુનિસીપલ ગાર્ડન પાસે, વારસીયા, વડોદરા	વારસીયા
૯	શ્રી લઘારામ સ્કુલ (અં.મા.) નઝરબાગ પાસે, મહેતા પોળ, માંડવી, વડોદરા	સીટી
૧૦	આર. & કે પંડયા હાઈસ્કુલ, ચીતેખાન ગલી, ગેંડીગેટ માંડવી, વડોદરા	વાડી
૧૧	એમ.ઈ.એસ. ગર્લ્સ સ્કુલ, મોગલવાડા, ગેંડીગેટ, વડોદરા	વાડી
૧૨	રઘુકુળ વિધ્યાલય, ન્યુ.વી.આઈ.પી. રોડ બાલાજી ટાઉનશીપ પાસે, વડોદરા	બાપોદ
૧૩	રોયલ હાઈસ્કુલ, અમરદીપ હેરીટેઝ પાસે, કમલાનગર તળાવ પાસે, આજવા રોડ	બાપોદ
૧૪	S.S.V. સ્કુલ-૦૨, (સોમા તળાવ) ગોકુલેશ રેસીડેન્સી પાસે, વાઘોડીયા ડભોઈ રીંગરોડ, વડોદરા	પાણીગેટ
૧૫	શીવમ વિધ્યાલય, કમલાનગર, આજવા રોડ, વડોદરા	બાપોદ
૧૬	ફતીમા ઝારા (આર.એ) અં.મા.ગર્લ્સ સ્કુલ, રોયલ એપાર્ટમેન્ટ જુની ઘડી ભદ્ર કયેરી રોડ, વડોદરા	સીટી
૧૭	મહારાણી કન્યા વિધ્યાલય, સુરસાગર તળાવ પાસે, વડોદરા	રાવપુરા
૧૮	એમ.ઈ.એસ. બોયઝ હાઈસ્કુલ, અજબડી મીલ પાસે, યાકુતપુરા, વડોદરા	સીટી
૧૯	મહારાણી અં.મા. સ્કુલ, કેનેરા કેફે હાઉસ પાસે, દાંડીયા બજાર, વડોદરા	રાવપુરા
૨૦	શ્રેયશ વિધ્યાલય ગુ.મા., પોલો ગ્રાઉન્ડ, બગીખાના પાસે, વડોદરા	નવાપુરા
૨૧	બરોડા હાઈસ્કુલ (બગીખાના), પોલો ગ્રાઉન્ડ, સાઉથ બગીખાના, વડોદરા	નવાપુરા
૨૨	નવજીવન હાઈસ્કુલ, પોલો ગ્રાઉન્ડ સામે, બગીખાના, વડોદરા	નવાપુરા
૨૩	એમ.કે. નાડકર્ણી હાઈસ્કુલ, લીટલ ફલાવર સ્કુલ પાસે, ખંડેરાવ માર્કેટ, સિધ્ધનાથ રોડ, વડોદરા	નવાપુરા
૨૪	શ્રી અંબે વિધ્યાલય, બાપોદ જકાતનાકા પાસે, વાઘોડીયા રોડ, વડોદરા	કપુરાઈ
૨૫	સરસ્વતી વિધ્યામંદિર, હરીકૃષ્ણ ટાઉનશીપ, સરદાર એસ્ટેટ પાસે, આજવા રોડ વડોદરા	બાપોદ

૨૬	S.S.V.-૦૩ સ્કુલ (અં.મા.) બાપોદ યુનિટ-૦૧, ભવન્સ પાર્ટી પ્લોટ પાસે, બાપોદ વાઘોડીયા રોડ, વડોદરા	બાપોદ
૨૭	S.S.V.-૦૩, સ્કુલ, (અં.મા.) બાપોદ યુનિટ -૦૨, ભવન્સ પાર્ટી પ્લોટ પાસે, બાપોદ વાઘોડીયા રોડ, વડોદરા	બાપોદ
૨૮	વિનય વિધ્યાલય, ફતેપુરા મેઈન રોડ, વડોદરા	સીટી
૨૯	સયાજી બોયઝ હાઈસ્કુલ, ઘડીયાળી પોળ, માંડવી, વડોદરા	વાડી
૩૦	શ્રી કિષ્ણા હિંદી વિધ્યાલય હીરાવંતી ચેમ્બર્સ, કારેલીબાગ, વડોદરા	કારેલીબાગ
૩૧	એસ.ડી.પટેલ વિધ્યાલય, જય યોગેશ્વર ટાઉનશીપ-૧, આજવા રોડ, વડોદરા	બાપોદ
૩૨	વિધ્યામંદિર વિધ્યાલય, વ્યાસ ભવન શાહીબાગ સોસા., હરણી વારસીયા રીંગ રોડ	વારસીયા
૩૩	સરદાર વલ્લભભાઈ વિધ્યાલય, રામ પાર્ક સોસા., આજવા રોડ, નવજીવન બસ સ્ટેન્ડ	બાપોદ
૩૪	શીવમ વિધ્યાલય (મકરપુરા), ન્યુ તુલસીધામ રોડ, પાર્થ ભુમી, મકરપુરા, વડોદરા	માંજલપુર
૩૫	ઉમા વિધ્યાલય, સોમનાથનગર પાસે, તરસાલી, વડોદરા	મકરપુરા
૩૬	યાંશી હાઈસ્કુલ, દ્વારકેશ બિલ્ડિંગ સામે, મકરપુરા બસ સ્ટેન્ડ, મકરપુરા, વડોદરા	માંજલપુર
૩૭	શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિધ્યાલય, વડાદલા રોડ, તરસાલી બાય પાસ, તરસાલી	કપુરાઈ
૩૮	એચ.એસ. પટેલ હાઈસ્કુલ, વિશ્વ જ્યોતી આશ્રમ, વિશ્વામીત્રી, વડોદરા	રાવપુરા
૩૯	શ્રેયસ વિધ્યાલય અં.મા. માંજલપુર, શ્રી રજનીકાંત જાની માર્ગ, માંજલપુર, વડોદરા	મકરપુરા
૪૦	સ્વામી વિધ્યાનંદજી, વિધ્યાવિહાર, ગીતામંદિર, પ્રતાપનગર રોડ, વડોદરા	વાડી
૪૧	ન્યુ ઈરા હાઈસ્કુલ (મકરપુરા), નોવીનો બેટરી સામે મકરપુરા રોડ, વડોદરા	મકરપુરા
૪૨	મહાત્મા ગાંધી વિધ્યાલય, માંજલપુર પેટ્રોલપંપ પાસે માંજલપુર નાકા, વડોદરા.	માંજલપુર
૪૩	બરોડા, હાઈસ્કુલ (દંતેશ્વર), અશોક શોક કોલોની પાસે, દંતેશ્વર, વડોદરા	મકરપુરા
૪૪	વિધ્યાકુંજ હાઈ સ્કુલ, વિશ્વામીત્રી, મુજમહુડા, વડોદરા	રાવપુરા
૪૫	ઝેનિથ સ્કુલ ગુ.મા., ડભોઈ રોડ, પ્રતાપનગર, વડોદરા	વાડી
૪૬	શ્રી સ્વામી વિવેકાનંદ વિધ્યાલય, સર્વે નં.૨૨૩/૨૨૪,જામ્બુવા GIDC કોલોની સામે, ઈ.એસ.આઈ. હોસ્પિટલ, મકરપુરા રોડ,	માંજલપુર
૪૭	સંત બેસીલ સ્કુલ, જામ્બુવા નાકા, મકરપુરા જામ્બુવા જકાત નાકા પાસે, મકરપુરા રોડ	મકરપુરા
૪૮	કિરણ સેટ્ટી, વિધ્યાલય, તરસાલી બાય પાસ, વડાદલા રોડ, તરસાલી, વડોદરા	કપુરાઈ
૪૯	ગુરુ નાનક પબ્લીક સ્કુલ, તરસાલી દંતેશ્વર રીંગ રોડ વડોદરા	મકરપુરા
૫૦	અંબે સ્કુલ, માંજલપુર, દરબાર ચોકડી રોડ, માંજલપુર, વડોદરા	માંજલપુર
૫૧	એકઝીલીયમ કોન્વેટ હાઈસ્કુલ, સુસેન ચાર રસ્તા મકરપુરા રોડ, વડોદરા	માંજલપુર
૫૨	શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિધ્યાલય, મકરપુરા હનુમાન મંદિર પાસે. અંબાજીમાતા મંદિર સામે, મકરપુરા, વડોદરા	મકરપુરા
૫૩	સ્ટેલા મેરી સ્કુલ, ૧ & ૨ સુવર્ણ ગંગા સોસા. માંજલપુર, વડોદરા	માંજલપુર
૫૪	ડોન બોસ્કો હાઈસ્કુલ, કબીર કોમ્પલેક્ષ, મકરપુરા રોડ, વડોદરા	માંજલપુર
૫૫	પંચશીલ વિધ્યાલય, GIDC રોડ, માંજલપુર, વડોદરા	માંજલપુર
૫૬	શાંતીનિકેતન વિધ્યાલય, વોલ્ટેમ્પ કંપની સામે મકરપુરા રોડ, વડોદરા	મકરપુરા
૫૭	અક્ષર પબ્લિક સ્કુલ, નેશનલ હાઈવે નં.૮, લીઝેંડ હોટલ પાછળ, તરસાલી. વડોદરા	કપુરાઈ
૫૮	એડુનોવા સાયન્સ, સેકન્ડરી સ્કુલ, દીપ ચેમ્બર્સ. માંજલપુર	માંજલપુર
૫૯	ફોનીક્સ સ્કુલ, ડી-માર્ટ પાસે, SRP-૯ ગ્રુપ ગ્રાઉન્ડ સામે; મકરપુરા રોડ, વડોદરા	માંજલપુર
૬૦	શ્રી પી.એમ.યાદવ સ્કુલ કલ્પનાનગર, મકરપુરા ડેપો પાછળ, વડોદરા	મકરપુરા
૬૧	તેજસ વિધ્યાલય, આત્મજયોતી આશ્રમ રોડ, ઈલોરા પાર્ક, વડોદરા	ગોરવા
૬૨	કેળવણી ટ્રસ્ટ વિધ્યાલય, SNDT કેમ્પસ, અકોટ સ્ટેડીયમ પાછળ, મનીષા ચોકડી, જે.પી.રોડ, વડોદરા	અકોટા

૬૩	સી.કે. પ્રજાપતિ વિધ્યાલય, વિભાગ-૦૨ અશોક વાટીકા સોસા. ગોરવા, વડોદરા	ગોરવા
૬૪	સત્યનારાયણ વિધ્યાલય, લક્ષ્મીપુરા રોડ, વડોદરા	ગોરવા
૬૫	એલેમ્બિક વિધ્યાલય, એલેમ્બિક કોલોની, ગોરવા રોડ, વડોદરા	ગોરવા
૬૬	વિધુત બોર્ડ વિધ્યાલય, અં.મા, વિદ્યુતનગર કોલોની ઓ.પી.રોડ, વડોદરા	અકોટા
૬૭	વિધુત બોર્ડ વિધ્યાલય, ગુ.મા., વિધુતનગર કોલોની ઓ.પી.રોડ, વડોદરા ”	અકોટા
૬૮	શબરી વિધ્યાલય, વાસણા રોડ, વડોદરા	અકોટા
૬૯	ફૈઝ સ્કુલ, તાંદલજા, વડોદરા	જે.પી.રોડ
૭૦	રામેશ્વર વિધ્યાલય, ગોત્રી રોડ, જી.ઈ.બી. સબ સ્ટેશન પાસે, કર્મજ્યોત સોસા પાસે, સૈયદ વાસણા રોડ, વડોદરા	ગોત્રી
૭૧	શૈશવ સ્કુલ, CBSC, ગોત્રી, વડોદરા	ગોત્રી
૭૨	રીલાયન્સ ફાઉન્ડેશન સ્કુલ, ન્યુ IPCL રોડ, સુભાનપુરા, વડોદરા	ગોરવા
૭૩	સી.એચ. વિધ્યાલય, ટી.બી. હોસ્પિટલ પાસે, ગોત્રી રોડ, વડોદરા	ગોરવા
૭૪	બેન્ઝામીન વર્લ્ડ સ્કુલ, ગાયત્રી પાર્ટીપ્લોટ પાસે, અલંગ હાઉસ પાસે, ગોત્રી રેડીયાતબા ગોત્રી, વડોદરા	લક્ષ્મીપુરા
૭૫	વિઠલ વિધ્યાલય, સારાભાઈ માર્ગ વડી વાડી, વડોદરા	સયાજીગંજ
૭૬	સેન્ટ મેરી સ્કુલ, ગોરવા રીફાઈનરી સ્કુલ, ગોરવા, વડોદરા	ગોરવા
૭૭	ગુજરાત રીફાઈનરી અં.મા, સ્કુલ, ગુજરાત રીફાઈનરી ટાઉનશીપ જવાહરનગર. વડોદરા	જવાહરનગર
૭૮	બરોડા હાઈસ્કુલ JR-2 અલકાપુરી, વડી વાડી, એકસપ્રેસ હોટલ સામે, વડોદરા	સયાજીગંજ
૭૯	ધ મધર સ્કુલ, મંગલમુર્તિ સોસા. સામે, ગોત્રી રોડ, ઈસ્કોન મંદિર રોડ, વડોદરા	ગોત્રી
૮૦	શ્રી વિધ્યામંદિર વિધ્યાલય, શીવમ પાર્ટી પ્લોટ સામે યશ કોમ્પલેક્ષ રોડ, ગોત્રી રોડ	લક્ષ્મીપુરા
૮૧	ગુજરાત પબ્લિક સ્કુલ, અટલાદરા (AACT), BRD ઈજ્યુકેશન કેમ્પસ પાસે, અટલાદરા બીજ પાસે, વડોદરા	અટલાદરા
૮૨	BAPS સ્વામીનારાયણ વિધ્યામંદિર, પાદરા રોડ, અટલાદરા, વડોદરા	અટલાદરા
૮૩	'રાઈટ વે સ્કુલ, વ્રજ વિહાર સોસા. સામે, તાંદલજા, વડોદરા	જે.પી. રોડ
૮૪	નુતન વિધ્યાલય સુભાનપુરા, સુભાનપુરા, વડોદરા	ગોરવા
૮૫	ઉત્કર્ષ વિધ્યાલય, લાયન્સ હોલ નજીક, ગદાપુરા, ગોત્રી રોડ, વડોદરા	અકોટા
૮૬	સંત કબીર સ્કુલ, વાસણા રોડ, વડોદરા	ગોત્રી
૮૭	બેસીલ સ્કુલ, તાંદલજા રોડ,	જે.પી.રોડ
૮૮	વેબ મેમોરીયલ ગર્લ્સ હાઈસ્કુલ, ઘેલાની પેટ્રોલપંપ નીઝામપુરા	ફતેહગંજ
૮૯	અશોકા પબ્લિક સ્કુલ, આરાન્ય ફલેટ ૧૮ મીટર સમા લીંક રોડ હરણી	હરણી
૯૦	શ્રી ગંગાબાઈ સાર્વજનીક હાઈસ્કુલ છાણી	છાણી
૯૧	નુતન વિધ્યાલય, ન્યુ સમા કસ્તુરબા નગર સોસા. ન્યુ સમા રોડ	સમા
૯૨	રોઝરી હાઈસ્કુલ, પ્રતાપગંજ	સયાજીગંજ
૯૩	જીવન સાધના અં.મા., નવીધરતી, કારેલીબાગ પોલીસ સ્ટેશન પાસે	કારેલીબાગ
૯૪	સરદાર વિનય મંદિર, કારેલીબાગ	કારેલીબાગ
૯૫	શ્રી જલારામ વિધ્યાલય, સરદાર છાત્રાલય, કારેલીબાગ	કારેલીબાગ
૯૬	સંત જોસેફ હાઈસ્કુલ, નવાયાર્ડ છાણી રોડ	ફતેહગંજ
૯૭	માય સેનેન સ્કુલ, મુખીનગર ખોડીયારનગર ન્યુ.વી.વી.આઈ.પી.રોડ	બાપોદ
૯૮	લાલબહાદુર શાસ્ત્રી વિધ્યાલય, સંગમ ચાર રસ્તા પાસે, હરણી રોડ	કારેલીબાગ
૯૯	શ્રી નારાયણ વિધ્યાલય, વૃંદાવન ટાઉનશીપ પાસે, સંગમ ચાર રસ્તા, કારેલીબાગ, હરણી રોડ	વારસીયા
૧૦૦	તુલસીદાસ આર. પટેલ વિધ્યાલય, સરદારનગર, નિઝામપુરા, છાણી રોડ	ફતેહગંજ
૧૦૧	જય અંબે વિધ્યાલય, પંચામૃત ફલેટ સામે, રીધમ હોસ્પિટલની બાજુમાં સમા, હરણી રોડ	હરણી

૧૦૨	શ્રી સરસ્વતી વિધ્યાલય, ૨૦૫ કદમનગર ન્યુ સમા રોડ	ફતેહગંજ
૧૦૩	હીલ મેમોરીયલ હાઈસ્કુલ, ફતેગંજ	સયાજીગંજ
૧૦૪	નવયુગ અં.મા. સ્કુલ, આનંદવન સોસા. ન્યુ સમા	સમા
૧૦૫	સર્વ મંગલ સ્કુલ, નેક્ષટ ટુ, મેટ્રો હોસ્પિટલ, હરણી	હરણી
૧૦૬	નેતાજી મોડેલ સ્કુલ, નાગેશ્વર મહાદેવ મંદિર પાસે, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, કારેલીબાગ	કુંભારવાડા
૧૦૭	સાધુ વાસવાણી વિધ્યામંદિર, એરપોર્ટ રીંગ રોડ, હરણી	વારસીયા
૧૦૮	ઉર્મી સ્કુલ, ઉર્મી બ્રીજ પાસે, સમા સાવલી રોડ	સમા
૧૦૯	શ્રી જે.આર.શાહ બ્રાઈડ ડે સ્કુલ, અમીત કોમ્પ્લેક્ષ, વી.આઈ.પી.રોડ, કારેલીબાગ	હરણી
૧૧૦	રોસન મેમોરીયલ હાઈસ્કુલ, ફતેગંજ પો.સ્ટે. પાસે, નવાયાર્ડ	ફતેહગંજ
૧૧૧	અથર્વ વિધ્યાલય, પ્રકૃતિ રીસોર્ટ પાસે સીતારામ કોમ્પલેક્ષ પાસે, છાણી રોડ	છાણી
૧૧૨	માર્ગ ગેગોરીયલ મેમોરીયલ, ચાણકયુપુરી પાસે ચાર રસ્તા ન્યુ. સમા રોડ	સમા
૧૧૩	કોન્વેન્ટ ઓફ જેસુસ & મેરી ગર્લ્સ હાઈસ્કુલ, ૨૨ કેમ્પ ફતેગંજ	ફતેહગંજ
૧૧૪	શ્રી રામ સૈનીક હિન્દી વિધ્યાલય, એ/૩, પંચશીલ સૈનીક સોસા. ન્યુ સમા રોડ	સમા
૧૧૫	ગુજરાત પબ્લિક સ્કુલ છાણી વિભાગ-૨, SBG કેમ્પસ GSFC બ્રીજ પાસે છાણી	છાણી
૧૧૬	ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કુલ કારેલીબાગ, ભુતડીઝાપા કારેલીબાગ પો.સ્ટે. પાસે	કારેલીબાગ
૧૧૭	બ્રાઈટ અં.મા. સ્કુલ, જે.એમ.પંડયા હોલ પાસે, એરપોર્ટ રોડ, હરણી	હરણી

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત પોલીસ ભરતી બોર્ડના તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:-સમયગાળો

આ હુકમ પરીક્ષાના દિવસ દરમયાન તા.૧૫/૦૬/૨૦૨૫ ના ક.૦૭/૦૦ થી ક.૧૫/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક: જી/સીપી/લા.બ્રા./હ.જમા. /જાહેરનામું/૯૦૯૭/૨૦૨૫.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ની અખબારી યાદી ક્રમાંક: -ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૦૫૨૦૨૫/ક થી રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય વિભાજન/મધ્ય સત્ર/પેટા ચુંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે તથા રાજ્ય ચૂંટણી આયોગના તા.૨૮/૦૫/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક; ઈએલસી-સી.ઓ.સી-૩(૮)-૦૫૨૦૨૫/કથી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

૨. આ ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા શહેર વિસ્તારમાં સામાન્ય ચુંટણી હેઠળની ગ્રામ પંચાયત (૧) ચિખોદરા જુથ ગ્રામ પંચાયત (૨) ફાજલપુર (સાંકદરા) (૩) કોયલી ગ્રામ પંચાયત (૪) કરચીયા ગ્રામ પંચાયત (૫) રણોલી ગ્રામ પંચાયત (૬) દશરથ ગ્રામ પંચાયત (૭) પદમલા ગ્રામ પંચાયત (૮) ચાપડ ગ્રામ પંચાયત અને પેટા ચુંટણી હેઠળની ગ્રામ પંચાયત (૧) અનગઢ ગ્રામ પંચાયત (૨) કોટણા ગ્રામ પંચાયત (૩) બાજવા ગ્રામ પંચાયત (૪) મારેઠા ગ્રામ પંચાયત (૫) ખલીપુર ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ નિયત થયેલ છે.

૩. આ ચુંટણી દરમ્યાન વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે થાય, તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રકિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહિ અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા અત્યંત જરૂરી જણાતું હોવાથી શાંતિપુર્ણ, મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી યોજવા નિવારક પગલાના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવાનું જરૂરી જણાય છે.

૪. વાસ્તે, હું નરસિમ્હા કોમાર, પોલીસ કમિશ્નર, (આઈ.પી.એસ), વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર વિસ્તારમાં સામાન્ય ચુંટણી હેઠળની ગ્રામ પંચાયત (૧) ચિખોદરા જુથ ગ્રામ પંચાયત (૨) ફાજલપુર (સાંકદરા) (૩) કોયલી ગ્રામ પંચાયત (૪) કરચીયા ગ્રામ પંચાયત (૫) રણોલી ગ્રામ પંચાયત (૬) દશરથ ગ્રામ પંચાયત (૭) પદમલા ગ્રામ પંચાયત (૮) ચાપડ ગ્રામ પંચાયત અને પેટા ચુંટણી હેઠળની ગ્રામ પંચાયત (૧) અનગઢ ગ્રામ પંચાયત (૨) કોટણા ગ્રામ પંચાયત (૩) બાજવા ગ્રામ પંચાયત (૪) મારેઠા ગ્રામ પંચાયત (૫) ખલીપુર ગ્રામ પંચાયત હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૦૨ માં જે તે સબંધિત પોલીસ સ્ટેશનમાં ડીપોઝીટ કરાવી દેવા અને સબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ હથિયાર પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલાં લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરુ છું

૩/- આ આદેશ પોલીસ કમિશ્નર, વડોદરા શહેર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર આપનાર સત્તાધિશો તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ વડોદરા શહેર વિસ્તારમાં સામાન્ય ચુંટણી હેઠળની ગ્રામ પંચાયત (૧) ચિખોદરા જુથ ગ્રામ પંચાયત (૨) ફાજલપુર (સાંકદરા) (૩) કોયલી ગ્રામ પંચાયત (૪) કરચીયા ગ્રામ પંચાયત (૫) રણોલી ગ્રામ પંચાયત (૬) દશરથ ગ્રામ પંચાયત (૭) પદમલા ગ્રામ પંચાયત (૮) ચાપડ ગ્રામ પંચાયત અને પેટા ચુંટણી હેઠળની ગ્રામ પંચાયત (૧) અનગઢ ગ્રામ પંચાયત (૨) કોટણા ગ્રામ પંચાયત (૩) બાજવા ગ્રામ પંચાયત (૪) મારેઠા ગ્રામ પંચાયત (૫) ખલીપુર ગ્રામ પંચાયત હેઠળના વડોદરા શહેર, પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા હોય એવા વડોદરા શહેર મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાનાધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયાર સોંપણી ચુંટણી પ્રકિયા પુર્ણ થતા સુધી પરવાનાધારકોને કરી શકશે નહિ તેમજ સબંધીત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું ડીપોઝીટ કરાવેલ હથિયાર ચૂટણીનુ પરીણામ જાહેર થયાના એક અઠવાડિયા બાદ તૂર્ત જ સંબંધિત વ્યક્તિને પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહિ.

૪/- આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓ મુક્તિ પાત્રતા ધરાવે છે.

(અ) વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત મેળવવા સારૂ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે અરજી આપવાની રહેશે. પરંતુ જે તે વ્યકિતના વ્યકિતગત સ્વરક્ષણના હેતુથી ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉકત આદેશમાંથી મુક્તિ મળશે નહી.

(બ) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોર્મશીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સિક્યુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મેળવવા સારૂ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે અરજી આપવાની રહેશે. આવા સિક્યુરીટી ગાર્ડ તેઓના જે તે બેંકમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતીની જાણ જે તે સબંધિત પો.સ્ટે.ને કરવાની રહેશે અને સબંધિત પો.સ્ટે એ આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનાં અધિકારી/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે. અને ચુંટણીના ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

(ડ) પોલીસ કમિશ્નરશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહિ.

૫/- હથિયાર પરવાનેદારોએ ઉકત વિગતે તેમના પરવાનાવાળા હથિયારો જે તે લગત પો.સ્ટે માં જમા કરાવવાનાં રહેશે, તે હથિયારના કાર્ટીજ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

૬/- આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે. તેમજ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે

૭/- આજ રોજ તા.૦૪.૦૬.૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

નરસિમ્હા કોમાર
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

:: મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળનું જાહેરનામુ ::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/નશા બંધી/વશી ૨૫૦૪ થી ૨૫૩૫/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ગ્રામ. પં.ચૂં./જાહેરનામું/૧૨૧૦/૨૦૨૫, તા.૦૫/૦૬/૨૦૨૫ મુજબ ગ્રામ પંચાયતની સામાન્ય મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫નું મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજવા અંગેની રાજય ચૂંટણી આયોગે તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ જાહેરાત કરેલ છે. જેની મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર હોય, ચૂંટણી પંચની સુચનાઓ અનુસાર લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(સી) હેઠળ મતવિભાગની ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. નિયામકશ્રી નશાબંધી અને આબકારીનાઓના પત્ર ક્રમાંક:DPEGND/VDR/e-file/450/2025/1367/Excise-1, તા.૩૧/૦૫/૨૦૨૫ મુજબ જીલ્લા ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં ડ્રાય ડે જાહેર કરવા અંગેનું જાહેરનામું/હુકમો કરવા અંગેની કાર્યવાહી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા થાય તે માટે જરૂરી સંકલનમાં રહેવા જણાવવામાં આવેલ છે.

અત્રેના ડાંગ જીલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ક-૦૭/૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી યોજાનાર હોઈ મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રાત્રીના ૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઈ) ઉપરોક્ત દિવસો દરમ્યાન " ડ્રાય ડે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

"મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રાત્રીના ૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઈ) દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને " ડ્રાય'' ડે તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું". તેમ ઠરાવવામાં આવે છે.

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબની શિક્ષા થઈ શકશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રાત્રીના ૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઈ) સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

આજ તા. ૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

શાલિની દુહાન IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૨૫૨ થી ૧૨૮૫/૨૦૨૫.-ઉપ સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગના પત્ર ક્રમાંક:HD/MSM/e-file/8/2025/2718/SB1 તા.૦૫/૦૫/૨૦૨૫ના પત્રથી વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા જણાવેલ છે અને પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના પત્ર નં.LIB/જળાશયો પ્ર.પ્રતિ./જાહે./૧૦૨૭/૨૦૨૫, તા.૧૫/૦૫/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ હોય, સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર કમાંક: HD/MSM/e-file/8/2025/2718/SB1. તા.૦૫/૦૫/૨૦૨૫ અન્વયે જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે નહિ તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા સુચના આપવામાં આવેલ છે. જેથી અત્રેના ડાંગ જીલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશ તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને લઈ, જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા ભયજનક સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશે નહિ તે માટે અત્રેના ડાંગ જીલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશવા સહિતની તમામ પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૨૦/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૧૮/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૦/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૨૯૩ થી ૧૩૨૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ. જાહે./૧૦૮૩/૨૦૨૫, તા.૨૩/૦૫/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું,એસ.ડી.તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત સમય ::

આ હુકમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા. ૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વિશ્રામગૃહ/વશી ૧૫૨૫ થી ૧૫૯૦/૨૦૨૫.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર ગુજરાત રાજયની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરુ છું,

(૧) વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહીં અને આવા રહેણાંકના ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે. પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણાં)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે. નહિ. સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ (Casual Meeting)ને પણ મંજૂરી આપી શકાશે નહીં.

(૨) ચૂંટણી પ્રચારમાં આવેલાં જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખવાની પરવાનગી આપી શકાશે. જો તેઓ આ માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો તેઓ બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કંપાઉન્ડમાં રાખી શકાશે નહીં.

(૩) કોઈ એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં. તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતાં કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાં વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

(૪) જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષા(Z Category)ની કે જે તે રાજ્યના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલી હોય તેમને રાજ્ય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના જાહેર સાહસોના હસ્તકના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ, ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અથવા નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે.

(૫) જો કે રાજકીય પદાધિકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ હાથ ધરી શકશે નહીં.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા. ૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

જિલ્લો	તાલુકા	ગ્રામપંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ,બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા,ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂનેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ,ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા. ૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

ક્રમાંક:ફજદ/જાહેરનામું/મતદાન કેન્દ્ર/૧૦૦મી/વશી ૧૫૯૧ થી ૧૬૫૬/૨૦૨૫.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર ગુજરાત રાજયની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ - મતદાનની કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહી તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી અને મતદાન પ્રક્રિયા શાંતીપુર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ શકે તે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.

(૮) વાહનો સાથે આવવું.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

(૧) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે રાજય ચૂંટણી આયોગે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીઓ/કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

:: શિક્ષા:

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૩૧ /૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

જિલ્લો	તાલુકા	ગ્રામપંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ,બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા,ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂનેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ,ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/જાહેર મિલકત/વશી-૧૭૨૩ થી૧૭૮૮ ૨૦૨૫.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર ગુજરાત રાજયની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. સદરહું ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, પાટીયાં, બેનર તથા ચૂંટણી પ્રચારને લગતા અન્ય સાહિત્ય વિગેરે ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહનવ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા/પ્રદર્શિત કરવામાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી/ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો ભીંતસુત્રો ધ્વજા, ભીંતચિત્રો વિગેરે લગાવવામાં આવે છે. આના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભવ છે જેના કારણે રાહદારીઓની અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. આથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરુ છું,

(૧) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

(૨) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દવારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતઓ દવારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવારોએ, કાર્યકરોએ, સમર્થકો દ્વારા ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટિસ લગાવવા, સુત્રો લખવા માટે કોઈ જાહેર મકાન, જમીન, દિવાલ, હાઈવે અથવા બે માર્ગો ક્રોસ થતા હોય ત્યાં દિશાસૂચક સાઈનબોર્ડ, હાઈવે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસીંગ પાસે ચેતવણીના બોર્ડ, રેલ્વે-બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલ કોઈ નોટિસ બોર્ડ વિગેરે જાહેર મિલકતોનો બગાડ કરી શકશે નહિ.

:: શિક્ષા:

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

જિલ્લો	તાલુકા	ગ્રામપંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ,બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા,ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂનેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ,ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/મતદાનકેન્દ્ર/૨૦૦મી./વશી-૧૬૫૭.થી ૧૭૨૨/૨૦૨૫.-રાજ્યચુંટણીઆયોગ,ગાંધીનગરદ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર ગુજરાત રાજયની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ બેડદાનની કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહી તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી અને મતદાન પ્રક્રિયા શાંતીપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ શકે તે જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) મતદાનના દિવસે મતદાન મથકથી ૨૦૦ મીટરની અંદર મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧(એક) કેમ્પ જેમાં ૧(એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

(૩) જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચુંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને તે કયા કયા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ (ગ્રામ પંચાયત)ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

(૪) આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપી શકાશે.

(૫) ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

(૬) આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

(૭) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

-:અમલવારીનો સમય:-

આ જાહેરનામું તા. ૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

જિલ્લો	તાલુકા	ગ્રામપંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ,બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા,ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂનેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ,ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વાહન નિયંત્રણ/વશી-૧૮૫૫ થી ૧૯૨૦/૨૦૨૫.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર ગુજરાત રાજયની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. જે અંતર્ગત શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરુ છું,

(૧) મતદાનના દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં મતદાનની તારીખે ચુંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષીય કાર્યકરો માટે ચુંટણી અધિકારી દ્વારા આપેલ પરમીટ ધારણ કરેલું એક જ વાહન વાપરી શકશે.

(૨) વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) આ પ્રતિબંધ સરકારી અધિકારીશ્રીઓ કે ચુંટણી પ્રક્રિયામાં સંકળાયેલા છે તેવા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી

(૪) ઉમેદવાર / મતદાન એજન્ટ / પક્ષીય કાર્યકરો આવી પરમીટ ધારણ કરેલ વાહનોનો ઉપયોગ ચુંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે, અસામાજિક તત્વોની હેરફેર માટે કે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકશે નહી.

(૫) કોઈપણ વ્યકિત પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં મતદારોની હેરાફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકાશે નહી. વાહનનો પોતાના અને પોતાના કુટુંબની વ્યકિતઓ પુરતો મર્યાદિત ઉપયોગ કરી શકશે.

(૬) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજી કોઈ પણ વ્યકિત દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા. ૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

જિલ્લો	તાલુકા	ગ્રામપંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ,બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા,ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂનેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ,ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/સભા-સરઘસ/વશી-૧૭૮૯ થી ૧૮૫૪/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. આ સમય દરમ્યાન જુદા-જુદા હરીફ જૂથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. જેથી આવા જુદા-જુદા જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી. તેમજ આ ઘર્ષણના કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ પણ થવા સંભવ રહે છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબનો પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

(૧) કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ સક્ષમ અધિકારીની પરવાનગી વિના કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

(૨) કોઈપણ રાજકીય પક્ષો અથવા કે ઉમેદવારોએ ચૂંટણી માટે પ્રચાર અગર અન્ય કાર્યક્રમ માટે સરઘસ કાઢવા માટે સક્ષમ અધિકારીની જરૂરી પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૩) સરઘસ યોજાનાર પક્ષે કે ઉમેદવારે સરઘસ શરૂ થવાના સમય અને સ્થળ, પસાર થવાનો માર્ગ, સરઘસ પુરૂ થવાનું હોય તે સ્થળ અને સમય અંગે અગાઉથી નિર્ણય કરી સંબંધિતોને જાણ કરવાની રહેશે.

(૪) અન્ય રાજકીય પક્ષો અથવા ઉમેદવારો દ્વારા આયોજિત જાહેર સભાઓ અથવા સરઘસોમાં ખલેલ પહોંચાડવી નહિ.

(૫) મતદારોની ધાર્મિક, સાંપ્રદાયિક, જાતીય/કોમી લાગણીઓ દુભાવવી નહિ. પ્રવર્તમાન મતભેદો વધારે ગંભીર રૂપ ધારણ કરે અથવા પરસ્પર દ્વેષભાવ ઉભો થાય અથવા જુદી જુદી જાતિઓ, સમુદાયો અથવા ધાર્મિક અથવા ભાષાકીય જૂથો વચ્ચે તણાવ ઉભો થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ.

અપવાદ

આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) કોઈના લગ્નનાં વરઘોડાને, મંદિર, ચર્ચ વિગેરેમાં પ્રાર્થના, સ્મશાન યાત્રાને.

(૩) મંદિર, મસ્જિદ અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઈડ વ્યક્તિઓ.

(૪) એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/લાઉડ સ્પીકર/વશી-૧૩૯૩ થી ૧૪૫૮/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

(૧) કોઈ જાહેર સભા માટે, સરઘસ માટે, સામાન્ય પ્રચાર માટે ફરતા વાહનો અથવા અન્યથા ઉપયોગમાં લેવાતા વાહનો ઉપર લાઉડ સ્પીકરના ઉપયોગ માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વમંજૂરી મેળવવાની રહશે. સક્ષમ સત્તાધિકારીની લેખિત પરવાનગી વગર જે વાહન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા જણાશે તો તે વાહન જપ્ત કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવશે. તદઉપરાંત લાઉડ સ્પીકરના ઉપયોગ વખતે જાહેર પર્યાવરણ અને શાંતિનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

(૨) ચૂંટણી પ્રચારના કામે યોજાતી સભા/ સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક દરમિયાન જ કરવાનો રહેશે.

(૩) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ હેડ કોન્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/હોર્ડિંગ્સ/બેનર/વશી-૧૩૨૬ થી ૧૩૯૨/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. સદરહું ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, પાટીયાં, બેનર તથા ચૂંટણી પ્રચારને લગતા અન્ય સાહિત્ય વિગેરેના ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા/પ્રદર્શિત કરવામાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મકાનો તથા વિજળી/ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો ભીંતસુત્રો, ધ્જા, ભીંતચિત્રો વિગેરે લગાવવામાં આવે છે. આના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે જેના કારણે રાહદારીઓની અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. આથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

૧. કટઆઉટ, હોર્ડિંગ્સ, બેનર વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ મુકી શકશે નહિ એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી શકશે નહિ.

૨. જો કટઆઉટ/હોર્ડિંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગીથી મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ.

૧. હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટથી વધવી જોઈએ નહી.

૨. કટઆઉટની ઊંચાઈ, ૮ ફુટથી વધવી જોઈએ નહી.

૩. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઈ સ્થળે મુકતાં પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તેમજ પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ હેડ કોન્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/હથિયાર જમા/વશી-૧૪૫૯ થી ૧૫૨૪/૨૦૨૫.—રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી જળવાય તે માટે કેટલાક નિયંત્રણો મૂકવા આવશ્યક જણાય છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ગેરકાયદેસર રીતે કોઈ પણ પ્રકારે ઉપયોગ ન થાય, તે માટે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. તથા ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાયસન્સ હેઠળ ધારણ કરતા હથિયાર ધારકોએ ધારણ કરેલ હથિયારો તાતકાલિક અસરથી નજીકના પોલિસ સ્ટેશનમાં જમાં કરાવવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

(૧) કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) ડાંગ જિલ્લામાંથી કે બહારના જિલ્લામાંથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર/હથિયારો ધારણ કરવા નહી. અથવા હથિયાર/હથિયારો સાથે જાહેરમાં હરવું ફરવું નહીં તેમજ આ આદેશ ડાંગ જિલ્લામાં રહેતા અને ડાંગ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે.

(૩) આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ પરવાના વાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો તાત્કાલીક અસરથી જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડક્વાર્ટરે સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા તમામ વ્યક્તિઓએ હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૪) જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની આ કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

અપવાદ

આ હુકમ નીચે મુજબના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

ઉપરોક્ત ક્રમાંક નં. (૧) થી (૪) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી પર કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેની ફરજના ભાગરૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓને.

(૨) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) કામકાજ ના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

(૪) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

સમગ્ર ડાંગ જિલ્લો

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/ચૂં. પ્રચાર પ્રતિબંધ/વશી-૨૨૫૧ થી ૨૩૧૬/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. સદરહું તારીખથી ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫માં ડાંગ જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદાન પુર્ણ થવા માટે નિયત કરેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકની મુદત દરમિયાન જાહેર સભાઓ અને ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. ડાંગ જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ સવારના ૦૭:૦૦

કલાકથી સાંજના ૦૬:૦૦ કલાક સુધી થનાર છે. તેથી મતદાન પૂરૂં થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬:૦૦ કલાક થી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાતો હોય નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫માં ડાંગ જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પૂરૂં થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬:૦૦ કલાક થી નીચે મુજબ અમલવારી કરવા આદેશ ફરમાવું છું.

કૃત્યો

૧. કોઈપણ વ્યક્તિ

(એ) ચૂંટણી સબંધમાં કોઈ જાહેર સભા બોલાવશો નહીં, યોજાશે નહીં, સંબોધન કરશો નહીં કે સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહીં.

(બી) સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદર્શિત કરશે નહીં.

(સી) મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીયેટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ કે સમુહભોજન યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃત્તિ કરશે નહીં.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે તેમજ ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ હેઠળના નીચે મુજબ વિસ્તારને લાગુ પડશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫ના સમય ૪૮.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/સોશ્યલ મીડીયા/વશી-૨૧૮૫ થી ૨૨૫૦/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. સદરહું તારીખથી ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમજ ઉમેદવારોના ચૂંટણી એજન્ટ વિગેરે દ્વારા ચૂંટણી પ્રચારમાં વેગ આવશે. ભુતકાળની ચૂંટણીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ.(ટુંકા સંદેશ સેવા)/તમામ Social Media Platforms/ અન્ય ઈલેક્ટ્રોનીક માધ્યમનો દૂરૂપયોગ કેટલાક લોકો દ્વારા કરવામાં આવેલ તેવું અનુભવ પરથી જણાયેલ છે અને તેવી જ પરિસ્થિતિ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો દ્વારા કરવામાં આવે તેવી શકયતા રહેલ છે. જેને પરીણામે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચાર સંહિતા તથા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનિય કૃત્યોથી મુકત, ન્યાયી અને શાંતીપુર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થાય છે. મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ ચૂંટણીને દુષિત કરતી પ્રવૃતિઓ તાત્કાલીક અટકાવવાની અત્યંત આવશ્યકતા છે. તે ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાપુર્વક કોમ કે ધર્મ કે જ્ઞાતિના વચ્ચે જે સદભાવના છે. તેને અમુક હેતુ સિધ્ધ કરવા પણ કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ. એસ. મોકલી શાંત વાતાવરણ ડહોળવા પ્રયાસ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. કેટલીક વખત ઈરાદાપુર્વક ઉશ્કેરણીજનક અફવાઓ આવા એસ.એમ.એસ./ Social Media Platforms/અન્ય ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા ફેલાવવામાં આવે છે. તેના પરીણામ સ્વરૂપે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય છે અને ચૂંટણી પ્રક્રિયા ઉપરાંત રોજીંદા જીવન-વ્યવહાર ઉપર પણ તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે. પરીણામે સામુહિક માનસિક તંગદીલી પણ પેદા થતી હોય છે. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતિઓના આધારે એમ પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાશે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે પાડે તેવા વજુદ વગરના ખોટા સમાચારો મોબાઈલ ફોનના ગ્રુપ તેમજ વ્યકિતગત એસ.એમ. એસ./ Social Media Platforms/અન્ય ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા પસાર થાય છે અને આવા ખોટા સંદેશા વ્યવહારના લોકોમાં આપ-લે થાય છે. જેના પરીણામ સ્વરૂપે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાય છે અને અશાંતિનું વાતાવરણ તુર્તજ નિર્માણ પામે છે. આવા એસ.એમ. એસ./ Social Media Platforms/અન્ય ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા ખોટી માહિતિ કે અફવાઓ ફેલાય તો જાહેર સુલેહ શાંતિ તથા જાહેર જનતાને ત્રાસ અથવા અડચણ અથવા ઈજા થવાની અને મુકત, ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાની પ્રક્રિયાને બાધારૂપ બનવાની સંપુર્ણ શકયતા હોય અને તેમ થાય તો તેમાંથી તંગદીલી, હુલ્લડ, કોમી તંગદીલી તથા પક્ષાપક્ષની તંગદીલી ફેલાય જેના પરીણામે જાહેર હિત જોખમાય તેમ જણાય છે. જેથી આવી શક્યતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

કૃત્યો

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વીઆઈ, બી.એસ.એન.એલ.(સેલ વન), રીલાયન્સ જીયો, એરટેલ, તેમજ અન્ય વિગેરે અને WI-FI સર્વીસ પ્રોવાઈડર વિગેરે જેવી કંપનીઓએ સમગ્ર મોરબી જિલ્લા વિસ્તારમાં કાયદાનો ભંગ થાય તેમજ ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ભંગ થાય તેવા તથા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા, સક્ષમ સતાધીશ/સમિતિ દ્વારા પ્રસારણ માટે પ્રમાણીત થયા ન થયા હોય તેવા અને મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં શાંતિપુર્ણ ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે તેવા ચૂંટણી સંબંધી ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ./Social Media Platforms/અન્ય ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા પ્રસારીત કરવા કે કરવા દેવા નહીં તથા રાજકીય પ્રકાર તથા સ્વરૂપના ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ./Social Media Platforms/અન્ય ઈલેક્ટ્રોનીક માધ્યમો દ્વારા મતદાન પુર્ણ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે, તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી સંપુર્ણ પણે તેના પ્રસારણને પ્રતિબંધીત કરવું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ બીન જામીનલાયક ફોજદારી ગુનો છે. જેથી કોઈ પણ આવી કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ, ઉમેદવાર કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહીં. સદર હેતુ માટે તમામ વ્યક્તિગત રીતે નોટીસ બજાવણી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/ઉમેદવારી પત્ર/વશી-૨૧૧૯ થી ૨૧૮૪/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫માં ડાંગ જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો રજુ કરવા સમયે ઉમ્દેવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચૂંટણીના સરળ સંચાલન માટે રાજ્ય ચૂંટણી આયોગની પ્રવર્તમાન સુચનાઓની અમલવારી સુનિશ્ચિત કરવા નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યક્તિઓ જ પ્રવેશી શકશે. કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચાર થી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જ્યારે તેઓનું ઉમેદવારી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉયર્યુક્ત કામે લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/પ્રાર્થના સ્થળ/વશી-૨૦૫૩ થી ૨૧૧૮/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા વિગેરે અથવા કોઈપણ પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહી કરવા માટે આદેશ કરેલ છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

''ડાંગ જિલ્લામાં સમાવિષ્ટ નીચે મુજબ વિસ્તારમાં દર્શાવેલ અંદાજિત કુલ-૬૧ ગ્રામપંચાયતોના વિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી.''

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/સાહિત્ય મુદ્રણ & પ્રકાશન/વશી-૧૯૮૭ થી ૨૦૫૨/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ કોઈપણ વ્યક્તિ, પ્રકાશકનું નામ, મુદ્રકનું નામ તેમજ સરનામું લખેલ ન હોય, તેવા કોઈપણ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અને તેમ કરવામાં આવે તો શિક્ષાને પાત્ર ગુન્હો બને છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

- કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

- કોઈપણ વ્યકિત કે સંસ્થા સદરહું ચુંટણીને લગતા કોઈપણ ચોપનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતા પહેલા પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યકિતઓની સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચુંટણી સાહીત્ય છાપવાના રહેશે. અને પ્રિન્ટીંગ કરેલ સાહીત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા, ફોન તથા મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે. હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે.

- મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર સંબંધિત ચુંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

- છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પુર્વગ્રહ ઉભો કરતા અથવા ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચરિત્ર પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહિ.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

જિલ્લો	તાલુકા	ગ્રામ પંચાયતોના નામ
ડાંગ	આહવા	બારીપાડા, ચીખલી, ભવાનદગડ, વાંગણ, બોરખલ, ઉમરપાડા, ચીંચલી, ગાડવિહિર, ગલકુંડ, પિપલપાડા, ગોંડલવિહિર, ભિસ્યા, ગોટીયામાળ, સોનુનિયા, હારપાડા, કડમાળ, લીંગા, કામદ, મહાલપાડા, નાંદનપેડા, મોરઝીરા, ગડદ, પીંપરી, હનવંતચોંડ, શામગહાન, ભાપખલ
	વઘઈ	બારખાધ્યા, દગડપાડા, ભેંસકાતરી, કાકરદા, ડોકપાતળ, આબાપાડા, કાલીબેલ, ટેકપાડા, ખાતળ, માછળી, નાનાપાડા, શીવારીમાળ, રંભાસ, બાઝ, સાકરપાતળ, ભદરપાડા, માનમોડી, ડુંગરડા વોર્ડ નં.૨
	સુબીર	બરડીપાડા, સાજુપાડા, ચિંચવિહિર, જૂન્નેર, ગારખડી, ઝરી, ગાંવદહાડ, ગીરમાળ, કડમાળ(સુ), કસાડબારી, ખાંભલા, બિજુરપાડા, નકટીયાહનવંત, વાહુટિયા, પિપલદહાડ, ગૌહાણ, બેહડૂન

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/હથિયાર બંધી/વશી-૧૯૨૧ થી ૧૯૮૬/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર ગુજરાત રાજ્યની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. જેને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા જરૂરી જણાતાં નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ ના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોડા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિ.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાનાં યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહિ.

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ.

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહીં કે વાદા વગાડવું નહિ.

અપવાદ

આ હુકમ નીચે મુજબના વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ ચુંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

૨. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ પોલિસ અધિકારી દ્વારા જેની શારિરીક, અશકતતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

શિક્ષા

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબની શિક્ષા થઈ શકશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

સમગ્ર ડાંગ જિલ્લો

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

એસ. ડી. તબિયાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૨૪૫૧ થી ૨૪૮૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ. જાહે./૧૨૧૨/૨૦૨૫, તા.૦૫/૦૬/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું,વી.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત સમય ::

આ હુકમ તા.૧૨/૦૬/૨૦૨૫ થી તા. ૨૬/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી- ૩૨૫થી૨૩૫૬/૨૦૨૫.–પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, વાપીના તા.૨૮/૦૫/ ૨૦૨૫ ના ઈમેઈલ પત્રથી આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ની થીમ "Ending Plastic Pollution Globally" નો ઉદ્દેશ પ્લાસ્ટિક કચરાને નાબૂદ કરવા માટે વૈશ્વિક પગલાંને પ્રોત્સાહન આપવા અંગે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા જણાવેલ છે.

ડાંગ જિલ્લામાં સ્થિત સાપુતારા ગિરિમથક ખાતે વિશાળ સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોય છે. પર્યટકો દ્વારા મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક ઉત્પાદનો વાળી ચીજ વસ્તુઓ લાવવામાં આવે છે. જે અંતે પ્લાસ્ટિક વેસ્ટ સ્વરૂપે સદર વિસ્તારમાં એકઠો થતો હોય છે. આવો પ્લાસ્ટિક કચરો નોન બાયોડિગ્રેડેબલ છે. જે આસપાસના વન્યપ્રાણીઓ અને પર્યાવરણને હાનિ પહોંચાડે છે જેથી પર્યાવરણીય સંતુલન બગડે છે. પ્લાસ્ટિકના પ્રદૂષણ બાબતે અસરકારક પગલાં લઈ શકાય અને પ્લાસ્ટિકના પ્રદૂષણનું પણ નિયંત્રણ થઈ શકે અને વન્ય જીવ તથા પર્યાવરણને થતું નુકશાન અટકાવી શકાય તે હેતુથી સાપુતારા ગિરિમથકના વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, વિ. કે. જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું કે, સાપુતારા ગિરિમથક ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિકની નીચે મુજબની ચીજવસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

૧. ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટેકની લાકડીઓવાળા ઈયરબડસ, પ્લાસ્ટિકના ધ્વજ, સજાવટ માટે પોલીસ્ટીરીન [થર્મોકોલ].

૨. ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક પ્લેટો, કપ, ગ્લાસ, કટલરી, જેમ કે કાંટા ચમચી, છરીઓ, સ્ટ્રો, ટ્રે તેમજ અન્ય પ્લાસ્ટિક પેકીંગ મટીરીયલ, ૧૦૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટિક અથવા પીવીસી બેનરો.

ઉપરોકત સિંગલ યુઝ પ્લાસ્ટિક ચીજવસ્તુઓના સ્થાને પર્યાવરણીય સુરક્ષીત એવી વૈકલ્પિક ચીજવસ્તુઓ (જેવી કે ફરી વપરાશમા લઈ શકાય એવી પાણી બોટલ, પેપર કપ/પ્લેટ, કાપડ/શણની થેલી, વાંસના ઉત્પાદનો)ના વપરાશને પ્રાધાન્ય આપવુ ઈચ્છનીય છે. આ હુકમની અમલવારી જે-તે વિભાગના જે-તે વિસ્તારના તમામ સ્તરના જવાબદાર અધિકારીશ્રીઓ દ્વારા કરાવવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૮/૨૦૨૫ના ક.૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

સમગ્ર સાપુતારા નોટિફાઈડ એરિયા વિસ્તાર

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને (સાપુતારા ગિરિમથક ખાતે ના વિસ્તારમા જો કોઈ વ્યક્તિ પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ/પ્લાસ્ટિક કચરો જાહેર જગ્યામાં ફેંકતા પકડાશે તો) ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા ચીફ ઓફિસરશ્રી, નોટિફાઈડ એરિયા કચેરી સાપુતારા દ્વારા નિયત કરવામાં આવેલ દંડની રકમ અધિકૃત કરેલ કર્મચારી દ્વારા મેળવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

વિ. કે. જોષી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નં.REG-SAB/SE(MILK)47750/2025 આથી જાહેર કરે છે કે ધી મોથીયા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મોથીયા, પો.ખેડા, તા.હિંમતનગર જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૦૪થી માર્ચ, ૨૦૨૫

નં.REG-SAB/SE-47752/2025 આથી જાહેર કરે છે કે ધી સબરાજીના મુવાડા સેવા સહકારી મંડળી લી. મુ.સબરાજીના મુવાડા, તા.તાલોદ, જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૦૩જી એપ્રિલ, ૨૦૨૫

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500261 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,સુચિત વિવાન એકઝોરા કો.ઓપ. હાઉસીગ એન્ડ શોપ્સ સર્વિસ સો.લી. મુ:ઝુંડાલ, તા., જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૨૯મી માર્ચ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500308 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત શિક્ષાપત્રી સ્કાય પાર્ક કો.ઓપ.કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સર્વિસ સો.લી. મુ:સરગાસણ, તા.,જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૭મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500309 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત ઓરીઓન રેસીડેન્સી કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો.લી. સેકટર-૨૯ મુ:ગાંધીનગર, તા.,જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૭મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500310 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત ધી વૈદેહી શાઈન રેસી.(વાવોલ) કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. મુ:વાવોલ, તા.,જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૭મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500311 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત ધી વૈદેહી શાઈન કોમર્શીયલ (વાવોલ) કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. મુ:વાવોલ, તા.,જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૭મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500315 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત ધી વિહાન-૨૭૩ કોમર્શીયલ કો.ઓપ.સર્વિસ સો.લી. મુ:તારાપુર, તા.,જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૮મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-CSGNRSAHAA202500316 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત જર્મન ગ્રીનસીટી હાઉસીંગ એન્ડ કોમર્શીયલ કો.ઓપ.સર્વિસ સો.લી. મુ.ભાટ, તા.,જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૮મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500317 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત ધી ગ્રોવ કો.ઓપ.હાઉસીંગ સર્વિસ સો.લી. મુ.ખોરજ, તા., જિ:ગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તા: ૦૮મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક-CSGNRSAHAA202500318 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે સુચિત રીવર વ્યુ ૭૭ કો.ઓપ.હાઉસીગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સો.લી. મુ.રાયસણ, તા.,જિઃગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તાઃ ૦૮મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500319 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે સુચિત શગુન-૨૧ કો.ઓપ.હાઉસીગ સર્વિસ સો.લી. મુ.રાયસણ, તા.,જિઃગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તાઃ ૦૮મી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક- CSGNRSAHAA202500320 આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે સુચિત હાઈસ્ટ્રીટ કો.ઓપ.કોમર્શીયલ સર્વિસ સો.લી. મુ.સરગાસણ, તા.,જિઃગાંધીનગરને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગાંધીનગર, તાઃ ૦૮મી એપ્રિલ, ૨૦૨૫

(સહી)/- અવાચ્ય
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગાંધીનગર

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

ક્રમાંકઃREG/SUR/SA(CO)-20616/2025 આથી જાહેર કરે છે કે : ધ સેન્ટ્રમ કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ.મું.જહાંગીરાબાદ, તા.અડાજણ, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તાઃ-૨૭મી માર્ચ ૨૦૨૫.

ક્રમાંકઃREG/SUR/SA(HAA)-20617/2025 આથી જાહેર કરે છે કે : બિલ્વમ હાઈટ્સ એ-વિંગ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.પાલ, તા.અડાજણ, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તાઃ-૨૮મી માર્ચ ૨૦૨૫.

ક્રમાંકઃREG/SUR/SA(HAA)-20618/2025 આથી જાહેર કરે છે કે : સ્ટેલર બિલ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.રૂંઢા, તા.મજુરા, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તાઃ-૨૮મી માર્ચ ૨૦૨૫.

ક્રમાંકઃREG/SUR/SA(HAA)-20619/2025 આથી જાહેર કરે છે કે : મધુવન બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.માસમા, તા.ઓલપાડ, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તાઃ-૨૮મી માર્ચ ૨૦૨૫.

ક્રમાંકઃREG/SUR/SA(HAA)-20620/2025 આથી જાહેર કરે છે કે : રિવેરા ડ્રિમ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.વાલક, તા.અઠ્ઠામા, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તાઃ-૨૮મી માર્ચ ૨૦૨૫.

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ) સુરત

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

પ્રતિ,
શ્રી દિલિપભાઈ બાબુભાઈ જોષી
મુખ્ય પ્રયોજકશ્રી,
સુચિત ધી નરોડા સ્કાય કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી.
મુઃહંસપુરા તાઃ અસારવા જિ.અમદાવાદ
૧૧૩/૧૪, ઝવેરી બિલ્ડીગ,
ફતેહભાઈની વાદી, રતનપોળ, અમદાવાદ

વિષય :- સુચિત ધી નરોડા સ્કાય કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુઃહંસપુરા તાઃ અસારવા જિ.અમદાવાદની નોંધણી કરવા બાબત

સંદર્ભ :- અત્રેની કચેરીના તાઃ૧૭/૦૨/૨૦૨૫ ના પત્ર નંઃજા.નંઃ નધણ /૦૧/ક-૨/૯૮/૨૦૨૫

જા.નં:નધણ /૦૧/ક-૨/૨૧૬/૮૧૮/૨૦૨૫ સવિનય ઉપરોકત સંદર્ભદર્શિત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત સંદર્ભના પત્રથી અત્રેની કચેરી દ્વારા આપની સોસાયટી, ધી નરોડા સ્કાય કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:હંસપુરા તા: અસારવા જિ.અમદાવાદની નોંધણી તા:૧૭/૦૨/૨૦૨૫, નંબર:CSAHDC202500007 થી ઓટો જનરેટ કરી નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. વડી કચેરીની તા:૨૧/૦૩/૨૦૨૫ ની ઈ-મેઈલ પરની સુચના મુજબ આઈ.એફ.પી.પોર્ટલ પર અગાઉ આપની સોસાયટીનું ઓટો જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર માં પોર્ટલ પરના અપડેશનના કારણે ઓફલાઈન નંબર નાંખવાના થતા હોય, ઓફલાઈન નંબર નોંધણી પ્રમાણપત્ર જનરેટ કરી સોસાયટીને આપવા સુચના થઈ આવતા અત્રેથી આપની સોસાયટીનું તા:૧૭/૦૨/૨૦૨૫ ના રોજ નોંધણી નંબર : નધણ/એએચડી/સા(હા)૨૧૧૭૬/૨૦૨૫ થી નવું નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. અને આ સાથે પેટા નિયમમાં પણ નોંધણી નંબર પુરતો સુધારો કરી આપવામાં આવે છે. અત્રેથી આપને આપવામાં આવેલ ઉકત સંદર્ભનો તા:૧૭/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવેલ બાકીની તમામ વિગતો યથાવત રહેશે. જેનાથી વિદિત થશો.

અમદાવાદ, તા ૧લી એપ્રિલ ૨૦૨૫

.....

પ્રતિ,
શ્રી શેખ મુઝમ્મીલ નુરમીયા
મુખ્ય પ્રયોજકશ્રી,
બ્લ્યુ વોટર કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.
મુ:મકરબા તા:વેજલપુર જિ.અમદાવાદ
૮, નવાબ પાર્ક, કલાસિક રો-હાઉસ,
રોયલ ટાવર સામે, મકરબા રોડ,
અમદાવાદ-૩૮૦૦૫૫

વિષય :- બ્લ્યુ વોટર કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.
મુ:મકરબા તા:વેજલપુર
જિ.અમદાવાદ ની નોંધણી કરવા બાબત

સંદર્ભ :- અત્રેની કચેરીના
તા:૨૫/૦૨/૨૦૨૫ ના પત્ર નં:જા.નં: નધણ /૦૧/ક-૨/૧૧૬/૨૦૨૫

જા.નં: નધણ /૦૧/ક-૨/૨૨૫/૮૨૦/૨૦૨૫ સવિનય ઉપરોકત સંદર્ભદર્શિત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત સંદર્ભના પત્રથી અત્રેની કચેરી દ્વારા આપની સોસાયટી, બ્લ્યુ વોટર કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:મકરબા તા:વેજલપુર જિ.અમદાવાદ ની નોંધણી તા:૨૫/૦૨/૨૦૨૫, નંબર:CSAHDC202500098 થી ઓટો જનરેટ કરી નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. વડી કચેરીની તા:૨૧/૦૩/૨૦૨૫ ની ઈ-મેઈલ પરની સુચના મુજબ આઈ.એફ.પી.પોર્ટલ પર અગાઉ આપની સોસાયટીનું ઓટો જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર માં પોર્ટલ પરના અપડેશનના કારણે ઓફલાઈન નંબર નાંખવાના થતા હોય, ઓફલાઈન નંબર નોંધણી પ્રમાણપત્ર જનરેટ કરી સોસાયટીને આપવા સુચના થઈ આવતા અત્રેથી આપની સોસાયટીનું તા:૨૫/૦૨/૨૦૨૫ ના રોજ નોંધણી નંબર : નધણ/એએચડી/સા(હા)૨૧૧૮૩/૨૦૨૫ થી નવું નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. અને આ સાથે પેટા નિયમમાં પણ નોંધણી નંબર પુરતો સુધારો કરી આપવામાં આવે છે. અત્રેથી આપને આપવામાં આવેલ ઉકત સંદર્ભનો તા:૨૫/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવેલ બાકીની તમામ વિગતો યથાવત રહેશે. જેનાથી વિદિત થશો.

અમદાવાદ, તા ૦૩જી એપ્રિલ ૨૦૨૫

.....

પ્રતિ,
શ્રી જાકીર હુસૈન ફૈજ મહંમદ મેમણ
મુખ્ય પ્રયોજકશ્રી,
સુચિત બલ્યુ વોટર કો.ઓ.કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી.
મુ:મકરબા તા:વેજલપુર જિ.અમદાવાદ
એ-૧૦૨, એપેક્ષ એપાર્ટમેન્ટ,
સંગમ સિનેમા સામે સીટી,
પલ્સ ગુલશન સ્કુલ પાસે, સરખેજ, અમદાવાદ

વિષય :- બ્લ્યુ વોટર કો.ઓ.કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી.
મુ:મકરબા તા:વેજલપુર
જિ.અમદાવાદ ની નોંધણી કરવા બાબત

સંદર્ભ :- અત્રેની કચેરીના
તા:૨૫/૦૨/૨૦૨૫ ના પત્ર નં:જા.નં: નધણ /૦૧/ક-૨/૧૧૫/૨૦૨૫

જા.નં: નધણ /૦૧/ક-૨/૨૨૮/૮૧૯/૨૦૨૫ સવિનય ઉપરોકત સંદર્ભદર્શિત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત સંદર્ભના પત્રથી અત્રેની કચેરી દ્વારા આપની સોસાયટી, બ્લ્યુ વોટર કો.ઓ.કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:મકરબા તા:વેજલપુર જિ.અમદાવાદ ની નોંધણી તા:૨૫/૦૨/૨૦૨૫, નંબર:CSAHDC202500099 થી ઓટો જનરેટ કરી નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. વડી કચેરીની તા:૨૧/૦૩/૨૦૨૫ ની ઈ-મેઈલ પરની સુચના મુજબ આઈ.એફ.પી.પોર્ટલ પર અગાઉ આપની સોસાયટીનું ઓટો જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર માં પોર્ટલ પરના અપડેશનના કારણે ઓફલાઈન નંબર નાંખવાના થતા હોય, ઓફલાઈન નંબર નોંધણી પ્રમાણપત્ર જનરેટ કરી સોસાયટીને આપવા સુચના થઈ આવતા અત્રેથી આપની સોસાયટીનું તા:૨૫/૦૨/૨૦૨૫ ના રોજ નોંધણી નંબર : નધણ/એએચડી/સા(કો)૨૧૧૮૪/૨૦૨૫ થી નવું નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. અને આ સાથે પેટા નિયમમાં પણ નોંધણી નંબર પુરતો સુધારો કરી આપવામાં આવે છે. અત્રેથી આપને આપવામાં આવેલ ઉકત સંદર્ભનો તા:૨૫/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવેલ બાકીની તમામ વિગતો યથાવત રહેશે. જેનાથી વિદિત થશો.

અમદાવાદ, તા ૦૩જી એપ્રિલ ૨૦૨૫

વી.આર.કપુરીયા
જીલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, (હાઉસીંગ)

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા:-

(૧) સુચિત સોસાયટીના મુખ્ય પ્રયોજકશ્રી દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ અત્રે રજુ થયેલ સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ. હાઉસીંગ એન્ડકોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:ઘુમા ની નોંધણી દરખાસ્ત.

(૨) મુખ્ય પ્રયોજકશ્રી સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. ને તા:૨૩/૦૧/૨૦૨૫ ના રોજ નોંધણી અંગેની જાણ કરતો પત્ર.

(૩) મુખ્ય પ્રયોજકશ્રી સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી.ની તા:૦૧/૦૨/૨૦૨૫ ના રોજથી નોંધણીપ્રમાણપત્રમાં સોસાયટીના સ્થળમાં સુધારો કરી આપવા બાબતની આધાર/ પુરાવા સહ કરેલ અરજી.

(૪) અત્રેના તા:૧૪/૦૨/૨૦૨૫ ના ઈ-ટપાલ પત્ર નં: DRCSAHM/0016/02/2025 થી વડી કચેરીને નોંધણી પ્રમાણપત્રમાં સ્થળમાં સુધારો કરી આપવા કરેલ દરખાસ્ત.

(૫) નાયબ રજીસ્ટ્રારથી (વહીવટ), સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગરના તા:૧૯/૦૩/૨૦૨૫ ના ઈ-ટપાલ નં: RCOS/0724/03/2025 તથા તા:૦૨/૦૪/૨૦૨૫ ના ઈ-મેઈલની સુચના મુજબ નોંધણી પ્રમાણપત્રમાં સ્થળ પુરતો સુધારો કરવા અત્રે હુકમ કરવા બાબતે કરેલ જાણ અંગેનો પત્ર તથા ઈ-મેઈલ.

(૬) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગરનુંતા.૨૧/૦૭/૨૦૧૧નારોજ જાહેરનામું ક્રમાંક:જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ તથા તા.૦૧/૦૧/૨૦૧૬ ના રોજનું જાહેરનામું ક્રમાંક:જીએચકેએચ/૧/૨૦૧૬/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચથી પ્રાપ્ત થયેલ સત્તાઓ તથા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ.રા.ગાંધીનગરની કચેરીના તા:૨૪/૦૮/૨૦૨૨ ના કાર્યાલય આદેશ ક્રમાંક : ધરમ/૦૧/ઓ.એસ./છ/૧૦૧૮/૨૦૨૨ થી નકિક કરેલ જોબચાર્ટ.

પ્રસ્તાવના

સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:ઘુમા તા:ધાટલિડીયા જિ:અમદાવાદ એ ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૯ અન્વયે તા:૨૩/૦૧/૨૦૨૫ ના રોજ નોંધણી ક્રમાંક : REG/AHD/SA(HAA)21144/2025 થી નોંધાયેલ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી છે.જેથી મંડળીનો વહીવટ ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ ની જોગવાઈઓ તથા મંડળીના મંજુર થયેલ પેટા નિયમની જોગવાઈને આધિન આ કાર્યાલયના સીધા નિયંત્રણ હેઠળ આવે છે.

વંચાણે લીધા ક્રમ (૧) સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ. હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:ઘુમા તા:ધાટલિડીયા જિ:અમદાવાદથી તા:૦૧/૦૧/૨૦૨૫ ના રોજ એપ્લિકેશન આઈ. ડી.નંબર:૩૩૨૪૨૪૧ થી અત્રે નોંધણી માટે રજુ થયેલ. જે દરખાસ્ત અન્વયે વંચાણે લીધા ક્રમ (૨) થી સદરહું સોસાયટીની નોંધણી તા:૨૩/૦૧/૨૦૨૫ ના રોજ નોંધણી નંબર: REG/AHD/SA(HAA)21144/2025 થી થયેલ છે, અને તે અન્વયે મુખ્ય પ્રયોજકશ્રીને નોંધણી અંગેની જાણ કરતો પત્ર લખેલ છે. અત્રેના વંચાણે લીધા ક્રમ(૩) થી મુખ્ય પ્રયોજકશ્રી, સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. દ્વારા તા:૦૧/૦૨/૨૦૨૫ ના રોજથી નોંધણી પ્રમાણપત્રમાં શરતચુકથી સ્થળ તરીકે ''ધુમા'' ને બદલે ''ધાટલોડીયા'' દર્શાવાઈ ગયેલ હોય, જેથી સોસાયટીના નોંધણી પ્રમાણપત્રમાં સ્થળ તરીકે ''ધાટલોડીયા'' ને બદલે ''ધુમા'' પુરતો સ્થળ સુધારો કરી આપવા બાબતની આધાર/પુરાવા સહ અત્રે દરખાસ્ત કરેલ.

મુખ્ય પ્રયોજકશ્રીની તા:૦૧/૦૨/૨૦૨૫ ની અરજી અન્વયે અત્રેથી વંચાણે લીધા ક્રમ (૪) ના તા:૧૪/૦૨/૨૦૨૫ ના ઈ-ટપાલ પત્ર નં: DRCSAHM/0016/02/2025 થી વડી કચેરીને સિધ્ધિપ્રિયા ઈમ્પીરીયલ કો.ઓ.હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:ઘુમા તા:ધાટલિડીયા ના નોંધણી પ્રમાણપત્રમાં સ્થળ પુરતો સુધારો કરી આપવા દરખાસ્ત મોકલાવેલ. જે અન્વયે વંચાણે લીધા ક્રમ(૫) થી નાયબ રજીસ્ટ્રારથી (વહીવટ), સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગરના તા:૧૯/૦૩/૨૦૨૫ ના ઈ-ટપાલ નં:RCOS/0724/03/2025 તથા તા:૦૨/૦૪/૨૦૨૫ ના ઈ-મેઈલની સુચના મુજબ નોંધણી પ્રમાણપત્રમાં સ્થળ પુરતો સુધારો કરવા અત્રે હુકમ કરવા બાબતેનો પત્ર તથા ઈ-મેઈલ મોકલાવેલ છે. જે અન્વયે સોસાયટીના સ્થળમાં સુધારો કરી આપવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું વી.આર.કપુરીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હાઉસિંગ), અમદાવાદ, ઉકત વંચાણે લીધા ક્રમ (૬) થી અમદાવાદ જિલ્લાની હાઉસીંગ તથા હાઉસીંગ સર્વિસ સોસાયટીઓ બાબતે મને મળેલ સત્તાની રૂઈએ આઈ.એફ.પી. પોર્ટલ પર ઓનલાઈન એપ્લિકેશન આઈ.ડી.નં:૩૩૨૪૨૪૧થી અત્રે આવેલ નોંધણી સબબની દરખાસ્ત અને તા:૨૩/૦૧/૨૦૨૫ ના રોજથી જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર નંબર : REG/AHD/SA(HAA)21144/2025 માં સ્થળમાં "Ghatlodiya,Taluka-Ahmedabad City, District- Ahmedabad," ને Ghuma Taluka-Ahmedabad City, District- Ahmedabad," પુરતો સુધારો કરી આપુ છું.

અમદાવાદ તા:- ૦૫મી એપ્રિલ ૨૦૨૫

વી.આર. કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ)
અમદાવાદ

પ્રતિ,
શ્રી સંજય ધીરૂભાઈ કોટડીયા
મુખ્ય પ્રયોજકશ્રી,
સુચિત મહાવીર કોટેઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૩ કો.ઓ.કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી.
મુ:વટવા તા:વટવા જિ.અમદાવાદ
સી/૩૦૨, અભિલાષા સ્કાય, સન સીટી બંગ્લોઝ સામે, ગોપાલ ચોક પાસે,
નિકોલ નરોડા રોડ , અમદાવાદ

વિષય :- મહાવીર કોટેઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૩ કો.ઓ.કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી.મુ:વટવા તા:વટવા જિ.અમદાવાદ ની નોંધણી કરવા બાબત

સંદર્ભ :-

અત્રેની કચેરીના તા:૨૫/૦૨/૨૦૨૫ ના પત્ર નં:જા.નં: નધણ /૦૧/ક-૨/૧૧૩/૨૦૨૫

જા.નં: નધણ /૦૧/ક-૨/૨૩૫/૮૨૧/૨૩૫/૨૦૨૫ સવિનય ઉપરોકત સંદર્ભદર્શિત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત સંદર્ભના પત્રથી અત્રેની કચેરી દ્વારા આપની સોસાયટી, મહાવીર કોટેઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૩ કો.ઓ.કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:વટવા તા:વટવા જિ.અમદાવાદ ની નોંધણી તા:૨૫/૦૨/૨૦૨૫, નંબર:CSAHDC202500094 થી ઓટો જનરેટ કરી નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. વડી કચેરીની તા:૨૧/૦૩/૨૦૨૫ ની ઈ-મેઈલ પરની સુચના મુજબ આઈ.એફ.પી.પોર્ટલ પર અગાઉ આપની સોસાયટીનું ઓટો જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર માં પોર્ટલ પરના અપડેશનના કારણે ઓફલાઈન નંબર નાંખવાના થતા હોય, ઓફલાઈન નંબર નોંધણી પ્રમાણપત્ર જનરેટ કરી સોસાયટીને આપવા સુચના થઈ આવતા અત્રેથી આપની સોસાયટીનું તા:૨૫/૦૨/૨૦૨૫

ના રોજ નોંધણી નંબર : નધણ/એએચડી/સા(કો)૨૧૧૮૧/૨૦૨૫ થી નવું નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. અને આ સાથે પેટા નિયમમાં પણ નોંધણી નંબર પુરતો સુધારો કરી આપવામાં આવે છે. અત્રેથી આપને આપવામાં આવેલ ઉકત સંદર્ભનો તા:૨૫/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવેલ બાકીની તમામ વિગતો યથાવત રહેશે. જેનાથી વિદિત થશો.

અમદાવાદ, તા ૦૭મી એપ્રિલ ૨૦૨૫

પ્રતિ,
શ્રી પ્રદિપકુમાર જસકરન દુગર
મુખ્ય પ્રયોજકશ્રી,
સુચિત ટાઈમ્સ-૧૦૪ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.
મુ:બોડકદેવ તા:ધાટલોડીયા જિ.અમદાવાદ
૧૧૦૧, પ્રસાદ ટાવર, માણેકબાગ,અમદાવાદ

વિષય :- ટાઈમ્સ-૧૦૪ કો.ઓ.
હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:બોડકદેવ તા:ધાટલોડીયા
જિ.અમદાવાદની નોંધણી કરવા બાબત

સંદર્ભ :- અત્રેની કચેરીના
તા:૧૮/૦૨/૨૦૨૫ ના પત્ર નં:જા.નં: નધણ /૦૧/ક-૨/૯૯/૨૦૨૫

જા.નં:નધણ/૦૧/ક-૨/૨૩૬/૮૨૩/૨૦૨૫ સવિનય ઉપરોકત સંદર્ભદર્શિત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત સંદર્ભના પત્રથી અત્રેની કચેરી દ્વારા આપની સોસાયટી, ટાઈમ્સ-૧૦૪ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.મુ:બોડકદેવ તા:ધાટલોડીયા જિ.અમદાવાદની નોંધણી તા:૧૮/૦૨/૨૦૨૫, નંબર:CSAHDC202500015 થી ઓટો જનરેટ કરી નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. વડી કચેરીની તા:૨૧/૦૩/૨૦૨૫ ની ઈ-મેઈલ પરની સુચના મુજબ આઈ.એફ.પી. પોર્ટલ પર અગાઉ આપની સોસાયટીનું ઓટો જનરેટ થયેલ નોંધણી પ્રમાણપત્ર માં પોર્ટલ પરના અપડેશનના કારણે ઓફલાઈન નંબર નાંખવાના થતા હોય, ઓફલાઈન નંબર નોંધણી પ્રમાણપત્ર જનરેટ કરી સોસાયટીને આપવા સુચના થઈ આવતા અત્રેથી આપની સોસાયટી-નું તા:૧૮/૦૨/૨૦૨૫ ના રોજ નોંધણી નંબર : નધણ/એએચડી/સા(હા)૨૧૧૭૭/૨૦૨૫ થી નવું નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. અને આ સાથે પેટા નિયમમાં પણ નોંધણી નંબર પુરતો સુધારો કરી આપવામાં આવે છે. અત્રેથી આપને આપવામાં આવેલ ઉકત સંદર્ભનો તા:૧૮/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવેલ બાકીની તમામ વિગતો યથાવત રહેશે. જેનાથી વિદિત થશો.

અમદાવાદ, તા ૦૮મી એપ્રિલ ૨૦૨૫

વી.આર. કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ)
અમદાવાદ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

પ્રતિ,
મુખ્ય પ્રયોજકશ્રી,
શ્રીમતી સુનિતાબેન ભરતભાઈ ભોયે
મહિલાઓ સંચાલિત પિપલ્યામાળ ફળિયું (કોટબા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.કોટબા.
મુ.કોટબા પો.-ધવલીદોડ તા.-આહવા, જી.ડાંગ.

જા.નં:નધણ/૦૧/ખ-૨/૨૧થી૨૬/૨૦૨૫ સવિનય જણાવવાનું કે, આપના તરફ,મહિલાઓ સંચાલિત પિપલ્યામાળ ફળિયું (કોટબા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.કોટબાના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(MILK)41722/2025, DATE-02/04/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશે.

૨.તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા, મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે,તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો. જેથી તેઓ સભામાં તે દિવસે હાજરી આપી શકે.

૩.સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજીસ્ટ્રાર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

<u>પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.</u>

(૧) મંજૂર કરેલા પેટા નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણૂંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજૂ કરી મંજૂર કરાવવું.

(૫) પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક સમિતિ (કમિટિ)ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે. જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ-આહવા તા:-૦૨જી એપ્રિલ ૨૦૨૫

પ્રતિ,
મુખ્ય પ્રયોજકશ્રી,
શ્રીમતી વીનુબેન શિવાભાઈ માળવી
મહિલાઓ સંચાલિત જામનસોસોંઢા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.જામનસોંઢા.
મુ.જામનસોંઢા પો.-પિપલદહાડ તા.-સુબીર, જી.-ડાંગ.

જા.નં:નધણ/૦૧/ખ-૨/૨૭થી૩૧/૨૦૨૫ સવિનય જણાવવાનું કે, આપના તરફ,મહિલાઓ સંચાલિત જામનસોંઢા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.જામનસોંઢાના મંજૂર કરેલા પેટા નિયમોની

એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(MILK)41723/2025, DATE-02/04/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશે.

૨.તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા, મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે,તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો. જેથી તેઓ સભામાં તે દિવસે હાજરી આપી શકે.

૩.સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજીસ્ટ્રાર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

<u>પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.</u>

(૧) મંજૂર કરેલા પેટા નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણૂંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજૂ કરી મંજૂર કરાવવું.

(૫) પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક સમિતિ (કમિટિ)ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે. જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ-આહવા તાઃ-૦૨જી એપ્રિલ ૨૦૨૫

પ્રતિ,

મુખ્ય પ્રયોજકશ્રી,

શ્રીમતી છબીબેન હિરાલાલભાઈ આહિર

મહિલાઓ સંચાલિત ચિંચધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ. ચિંચધરા.

મુ.ચિંચધરા પો.-ચિંચલી, તા.-સુબીર, જી.-ડાંગ.

જા.નં:નધણ/૦૧/ખ-૨/૩૩થી૩૮/૨૦૨૫ સવિનય જણાવવાનું કે, આપના તરફ,મહિલાઓ સંચાલિત ચિંચધરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.ચિંચધરાના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણી પ્રમાણપત્ર NO.REG/DAN/SE(MILK)41724/2025, DATE-02/04/2025 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશો.

૨.તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા, મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે,તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો. જેથી તેઓ સભામાં તે દિવસે હાજરી આપી શકે.

૩.સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજીસ્ટ્રાર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

<u>પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.</u>

(૧) મંજૂર કરેલા પેટા નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિમણૂંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજૂ કરી મંજૂર કરાવવું.

(૫) પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક સમિતિ (કમિટિ)ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે. જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ-આહવા તાઃ-૦૨જી એપ્રિલ ૨૦૨૫

મંડળીને રદ કરવા અંગેનો હુકમ

વંચાણે લીધાઃ-

(૧) ફડચા અધિકારી લગત વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો મંડળીની નોંધણી રદ કરવા અંગેનો તા.૨૭/૦૩/૨૦૨૫ નો અહેવાલ.

(૨) મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.ડાંગ-આહવાનો તા.૩૦/૦૫/૨૦૨૨ નો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : સક્ક/૦૧/ખ-૨/૩૧૮-૨૫/૨૦૨૨ નો અંતિમ આદેશ.

(૩) ઓડીટર ગ્રેડ-૧ જં.કા.સ.મ.ડાંગ આહવાનો તા.૧/૦૪/૨૦૨૧ થી તા.૨૪/૦૩/૨૦૨૪ સુધી (છેવટ) નો અન્વેષણ અહેવાલ

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા. ૨૧/૦૭/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચકેએચ/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ અન્વયે મળેલા સત્તાઓ

પ્રસ્તાવના

જા.નં:સક્ક/૦૧/ખ-૨/૩૯-૪૪/૨૦૨૫ શ્રી મહિલા સંચાલિત ભૂજાડ દૂધ ઉત્પાદક સ.મં.લિ.ભૂજાડ મુ.પો.-ભૂજાડ, તા:-વધઈ, જિ-ડાંગ નો નોંધણી નંબર સે.દુ.-૪૪૭૯૬, તા.૨૧/૦૨/૨૦૧૮ થી મંડળી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને આમુખ-(૨) થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને આમુખ-(૧) થી ફડચા અધિકારિશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. જે સબબ આમુખ-(૩) મુજબ છેવટે સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયુ શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૧) ફડચા અધિકારીશ્રીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

આમ સદર મંડળીને કાયદાની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનું ઉચિત જણાતાં આમુખ-(૫)ની જોગવાઈઓ મુજબ નીચે મુજબનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી વી.એન.માવાણી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪-(૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલા સંચાલિત ભૂજાડ દુધ ઉત્પાદક સ.મં.લિ.ભૂજાડ મુ.પો.-ભૂજાડ, તા:-વધઈ, જિ-ડાંગ નો નોંધણી નંબર સે.દુ.-૪૪૭૯૬, તા.૨૧/૦૨/૨૦૧૮ ની નોંધણી રદ કરવા આથી હુકમ કરૂ છું. અને તેથી આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવી છે. એમ ગણાશે.

ડાંગ-આહવા તા:-૦૭મી એપ્રિલ ૨૦૨૫

મંડળીને રદ કરવા અંગેનો હુકમ

વંચાણે લીધા:-

(૧) ફડચા અધિકારી લગત વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો મંડળીની નોંધણી રદ કરવા અંગેનો તા.૨૭/૦૩/૨૦૨૫ નો અહેવાલ.

(૨) મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.ડાંગ-આહવાનો તા.૧૧/૦૬/૨૦૨૧ નો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક :સક્ક/૦૧/ખ-૨/૩૫૧-૫૮/૨૦૨૧ નો અંતિમ આદેશ.

(૩) ઓડીટર ગ્રેડ-૧ જં.કા.સ.મ.ડાંગ આહવાનો તા.૧/૦૪/૨૦૨૦ થી તા.૨૪/૦૩/૨૦૨૪ સુધી (છેવટે) નો અન્વેષણ અહેવાલ

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અને તેની જોગવાઈઓ

(૫) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૭/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચકેએચ/૧૨/૨૦ ૦૨/૩૦ ૧૧/ચ અન્વયે મળેલ સત્તાઓ

પ્રસ્તાવના

જા.નં:સક્ક/૦૧/ખ-૨/૪૫-૪૯/૨૦૨૫ શ્રી મહિલા સંચાલિત બોડારમાળ દૂધ ઉત્પાદક સ.મં.લિ.બોડારમાળ મુ.પો.-બોડારમાળ, તા:-વધઈ, જિ-ડાંગ નો નોંધણી નંબર સે.દુ.-૩૭૯૮૮, તા.૦૨/૦૨/૨૦૧૨ થી મંડળી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને આમુખ-(૨) થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને આમુખ-(૧) થી ફડચા અધિકારિશ્રીનાં અભિપ્રાય મુજબ ફડચાનું કામ પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. જે સબબ આમુખ-(૩) મુજબ છેવટે સુધીનું ઓડિટ થયેલ છે. અને મંડળીનું સરવૈયુ શૂન્ય થયેલ છે. જેથી આમુખ-(૧) ફડચા અધિકારીશ્રીના અભિપ્રાય મુજબ મંડળીની નોંધણી રદ કરવા માટે જરૂરી દરખાસ્ત અને ભલામણ કરેલ છે.

આમ સદર મંડળીને કાયદાની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનું ઉચિત જણાતાં આમુખ-(૫)ની જોગવાઈઓ મુજબ નીચે મુજબનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી વી.એન.માવાણી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ-આહવા, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪-(૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી મહિલા સંચાલિત બોડારમાળ દુધ ઉત્પાદક સ.મં.લિ.બોડારમાળ મુ.પો.-બોડારમાળ, તા:-વધઈ, જિ-ડાંગ નો નોંધણી નંબર સે.દુ.-૩૭૯૮૮, તા.૦૨/૦૨/૨૦૧૨ ની નોંધણી રદ કરવા આથી હુકમ કરૂ છું. અને તેથી આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવી છે. એમ ગણાશે.

ડાંગ-આહવા તા:-૦૭મી એપ્રિલ ૨૦૨૫

વી.એન.માવાણી
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ડાંગ-આહવા

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક :: DRCSNRM/0013/12/2024

(૨) શ્રી પી.બી.પ્રજાપતિ સર્ટી. ઓડીટર, સહકારી મંડળીઓ, નર્મદા (પેનલ નં-૦૧) તરફથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ધી તોરણા ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળી લી.મુ.પો. તારણા તા.નાંદોદ જિ.નર્મદા ને ફડચામાં લઈ જવા અંગેનો તા.૧૩/૦૯/૨૦૨૪નો ખાસ અહેવાલ

